

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 125
Dt.: 12-03-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa


### ૧૩ વર્ષમાં કોમામાં રહેતા હરીશ રાણાને મળશે મોત

# દેશમાં પ્રથમવાર સુપ્રીમ કોર્ટે આપી ઈચ્છામૃત્યુની મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે માનવીય અભિગમ અપનાવીને ૧૩ વર્ષથી પથારીવશ યુવક હરીશ રાણા (ઉં. ૩૧)ને પેસિવ યુથેનેશિયા(ઈચ્છા મૃત્યુ)ની મંજૂરી આપી દીધી છે. હરીશ રાણા ૧૩ વર્ષ પહેલા ચંદીગઢની એક હોસ્ટેલમાં ચોથા માળેથી નીચે પટકાઈને પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટમાં જતો રહ્યો હતો. ત્યાર પછી ગાઝિયાબાદના રહેવાસી હરીશના માતા-પિતાએ જીવતી લાશ બની ગયેલા પુત્રની સ્થિતિ જોઈને તેના ઈચ્છા મૃત્યુ માટે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. આ અરજી અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે. બી. પારડીવાલાની બેન્ચે દિલ્હીની AIIMS હૉસ્પિટલ પાસે મેડિકલ રિપોર્ટ મંગાવ્યો હતો. તબીબોની ટીમે રિપોર્ટમાં કહ્યું હતું કે, હરીશના સ્વાસ્થ્યમાં સુધારાની કોઈ જ શક્યતા નથી. આ રિપોર્ટને આધારે કોર્ટે અવલોકન કર્યું કે, કોઈ વ્યક્તિને આટલી અસહ્ય પીડામાં અનિશ્ચિતકાળ સુધી રાખી શકાય નહીં. આ સાથે જ સુપ્રીમ કોર્ટે હરીશ માટે પેસિવ યુથેનેશિયાની મંજૂરી આપી દીધી. આ પ્રક્રિયામાં દર્દીને જીવંત રાખવા માટે અપાતા કૃત્રિમ લાઈફ સપોર્ટ (જેમ કે વેન્ટિલેટર કે ફીડિંગ ટ્યુબ) હટાવી લેવાય છે, જેથી તેનું કુદરતી રીતે મૃત્યુ થઈ શકે. આ ચુકાદો આપતી વખતે જસ્ટિસ પારડીવાલાએ કહ્યું હતું કે, 'આવા નિર્ણય મુશ્કેલ છે, પરંતુ દર્દીની સ્થિતિ અત્યંત દુઃખદ છે.' પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટ મગજની એવી ગંભીર સ્થિતિ છે, જેમાં વ્યક્તિ જાગૃત હોવા છતાં તેને આસપાસના વાતાવરણનું ભાન હોતું નથી.



આ સ્થિતિમાં દર્દીની આંખો ખુલ્લી હોય છે અને તે ક્યારેક ઊંઘે કે જાગે તેવું પણ લાગે છે, પરંતુ તેમનું મગજ કોઈ વિચાર કરી શકતું નથી કે કોઈ સૂચનાનું પાલન કરી શકતું નથી. તે હલનચલન કરી શકતા નથી કે બોલી શકતા નથી. શરીરના મૂળભૂત કાર્યો (જેમ કે શ્વાસ લેવો, હૃદયના ધબકારા અને પાચન) ચાલુ રહે છે કારણ કે મગજનો નીચેનો ભાગ (Brainstem) કામ કરતો હોય છે, પણ ઉપરનો ભાગ (Cerebral Cortex) જે વિચારવાનું કામ કરે છે, તે કામ કરવાનું બંધ કરી દે છે. એટલું જ નહીં, આ પ્રકારના દર્દી ક્યારેક અવાજ તરફ ડોક ફેરવવી કે રડવા/હસવા જેવી પ્રતિક્રિયા આપે છે.

એવી જ રીતે, કોમામાં આંખો બંધ હોય છે. દર્દીને ઊંડા નસકોરા પણ બોલતા હોઈ શકે છે, જેથી તે ગાઢ ઊંઘમાં હોય તેવું લાગે છે. આ ઉપરાંત તેઓ કોઈ પણ અવાજ કે સ્પર્શની પ્રતિક્રિયા આપતા નથી. ભારતમાં સક્રિય ઈચ્છા મૃત્યુને અવૈધ અને હત્યા માનવામાં આવે છે. જો કે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની બાબતમાં ૨૦૧૧ ના અરુણા શાનબાગ કેસ અને ૨૦૧૮ ના કોમન કોઝ કેસ પછી સુપ્રીમ કોર્ટે તેને કાયદાકીય દરજ્જો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટ અનુસાર દર્દી પહેલાથી પોતાની લેખિત વીલ બનાવી શકે છે કે જો તે કોઈકારણોસર કોમામાં સરી પડે તો તેને વેંટિલેટર પર ન રાખવામાં આવે. કોઈપણ મામલો હોય ભારતમાં ઈચ્છા મૃત્યુ માટે મંજૂરી લેવી ફરજિયાત છે.

સુપ્રીમ કોર્ટે હરીશ રાણાને લઈને દિલ્હી એમ્સ પાસે રિપોર્ટ માંગ્યો હતો. આ રિપોર્ટમાં એમ્સે કહ્યું હતું કે હરીશ ક્યારેય સાજો થઈ શકશે નહીં. ત્યારે જસ્ટિસ જેબી પારડીવાલાએ કહ્યુ હતુ કે આ દુખદ રિપોર્ટ છે. તેમણે કહ્યું હતું કે આ અમારા માટે મુશ્કેલ નિર્ણય છે અને અમે આ યુવકને અપાર દુખમાં ન રાખી શકીએ. કોર્ટે પાછલી સુનાવણી દરમિયાન કહ્યું હતું કે અમે તે સ્ટેજ પર છીએ જ્યાં અમારે અંતિમ નિર્ણય કરવો પડશે. ઉલ્લેખનીય છે કે ચંડીગઢમાં રહી અભ્યાસ કરી રહેલો હરીશ ૨૦૧૩મા પોતાના હોસ્ટેલના ચોથા માળેથી પડી ગયો હતો. તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ હરીશ સતત પલંગ પર અચેત સ્થિતિમાં છે. સતત બેડ પર રહેવાને કારણે તેના શરીરમાં ઘાવ થઈ ગયા હતા.

### ૧૧,૯૮૨ MBBS બેઠકો વધી

# દેશમાં ૪૩ નવી મેડિકલ કોલેજને અંતે મળી મંજૂરી

**આ નિર્ણયથી તબીબી શિક્ષણની તકોનો વિસ્તાર થશે અને ભવિષ્યમાં દેશને વધુ પ્રશિક્ષિત ડોક્ટરો મળશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના લાખો વિદ્યાર્થીઓ કે જેઓ ડોક્ટર બનવાનું સ્વપ્ન જુએ છે તેમના માટે એક મહત્વપૂર્ણ સમાચાર છે. કેન્દ્ર સરકારે તબીબી શિક્ષણને વધુ મજબૂત બનાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્ર માટે ૧૧,૯૮૨ નવી MBBS બેઠકોને મંજૂરી આપી છે. દેશના વિવિધ ભાગોમાં ૪૩ નવી મેડિકલ કોલેજો ખોલવાની પણ મંજૂરી આપી છે. આ નિર્ણયથી તબીબી શિક્ષણની તકોનો વિસ્તાર થશે અને ભવિષ્યમાં દેશને વધુ પ્રશિક્ષિત ડોક્ટરો મળશે. રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આરોગ્ય રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે તબીબી શિક્ષણ અંગેના લેટેસ્ટ આંકડા શેર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સરકાર દેશમાં ડોક્ટરોની સંખ્યા વધારવા માટે તબીબી શિક્ષણનો વ્યાપ વધારવા માટે સતત કામ કરી રહી છે. મંત્રાલય તરફથી જે આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે તે તબીબી આયોગ (NMC) દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. આ ડેટામાં સરકારી મેડિકલ કોલેજો, ખાનગી મેડિકલ કોલેજો, AIMS અને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓમાં ઉપલબ્ધ બેઠકોની માહિતી શામેલ છે.

સરકારે નવા સત્ર માટે તબીબી શિક્ષણ બેઠકોમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ૨૦૨૫-૨૬ સેમેસ્ટર માટે ૧૧,૯૮૨ એમબીબીએસ બેઠકો મંજૂર કરવામાં આવી છે. ૮૯૬૭ અનુસ્નાતક (પીજી) મેડિકલ બેઠકો પણ મંજૂર કરવામાં આવી છે. આ બેઠકો દેશભરની વિવિધ મેડિકલ કોલેજો, એઈમ્સ અને રાષ્ટ્રીય મહત્વની અન્ય સંસ્થાઓમાં ઉપલબ્ધ થશે. સરકાર કહે છે કે આનાથી મેડિકલ શિક્ષણની તકોનો વિસ્તાર થશે અને વિદ્યાર્થીઓને પોતાના દેશમાં વધુ સારું શિક્ષણ મેળવવાની તક મળશે.

મેડિકલ બેઠકો વધારવા ઉપરાંત, સરકારે ૪૩ નવી મેડિકલ કોલેજો ખોલવાનો પણ નિર્ણય લીધો છે. આ કોલેજો ખોલવાથી માત્ર મેડિકલ શિક્ષણની તકોનો વિસ્તાર થશે નહીં પરંતુ ઘણા રાજ્યોમાં આરોગ્યસંભાળ સેવાઓ પણ મજબૂત થશે. ઘણીવાર એવું જોવા મળે છે કે નાના શહેરો અને દૂરના વિસ્તારોમાં ડોકટરોની અછત છે. નવી મેડિકલ કોલેજો ખોલવાથી તે વિસ્તારોમાં હોસ્પિટલો અને આરોગ્ય સુવિધાઓમાં પણ સુધારો થઈ શકે છે. રાજ્યસભામાં રજૂ કરાયેલા ડેટા એ પણ દર્શાવે છે કે છેલ્લા દસ વર્ષમાં દેશમાં મેડિકલ શિક્ષણ માળખાગત સુવિધા ઝડપથી વિસ્તરી છે. ૨૦૧૪ની સ્થિતિની સરખામણીમાં, મેડિકલ કોલેજો અને બેઠકોની સંખ્યા બમણાથી વધુ થઈ ગઈ છે. ૨૦૧૪ સુધીમાં દેશમાં કુલ ૩૮૭ મેડિકલ કોલેજો હતી. ૫૧,૩૪૮ MBBS બેઠકો અને ૩૧,૧૮૫ અનુસ્નાતક (PG) મેડિકલ બેઠકો ઉપલબ્ધ હતી. હાલમાં તબીબી શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર વિસ્તરણ થયું છે. હાલમાં દેશમાં ૮૧૮ મેડિકલ કોલેજો છે, જ્યારે MBBS બેઠકોની સંખ્યા વધીને ૧૨૮,૯૭૬ થઈ ગઈ છે અને PG મેડિકલ બેઠકો પણ વધીને ૮૫,૦૨૦ થઈ ગઈ છે.

### ૨૮ ફેબ્રુઆરીથી ઈરાન પર શરૂ થયેલા હુમલા બાદ જંગ હવે બીજા સપ્તાહમાં પહોંચી ગયો છે

# 'ભારતને શોર્ટ ટર્મ માટે રશિયન ઓઈલ ખરીદવાની છૂટ': હવે વ્હાઈટ હાઉસે કરી ચોખવટ

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને તેના કારણે ખોરવાયેલા વૈશ્વિક ઓઈલ પુરવઠા વચ્ચે અમેરિકાએ ભારતને લઈને એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. વ્હાઈટ હાઉસે સ્પષ્ટ કર્યું છે કે ભારત એક જવાબદાર ભાગીદાર હોવાને કારણે તેને આ રાહત આપવામાં આવી છે.ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા જંગને કારણે વૈશ્વિક એનર્જી સપ્લાયમાં આવેલા અવરોધોને જોતા અમેરિકાએ ભારતને ૩૦ દિવસ માટે રશિયન ઓઈલ ખરીદવાની છૂટ આપી છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે આ નિર્ણય પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.મીડિયા બ્રીફિંગ દરમિયાન લેવિટે જણાવ્યું કે ભારત હંમેશા એક જવાબદાર સહયોગી રાષ્ટ્ર રહ્યું છે. તેમણે કહ્યું, "પ્રમુખ, ટ્રેઝરી સેક્રેટરી અને નેશનલ સિક્યુરિટી ટીમે આ નિર્ણય એટલા માટે લીધો છે કારણ કે ભારત અમારું સારું સાથી રહ્યું છે અને તેમણે અગાઉ પણ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કર્યુ હતું. હાલમાં ઈરાનને કારણે જે ઓઈલ સપ્લાયમાં અછત સર્જાઈ છે તેને પૂરી કરવા માટે અમે ભારતને કામચલાઉ ધોરણે આ મંજૂરી આપી છે."વ્હાઈટ હાઉસે તે અટકળોને નકારી દીધી છે જેમાં કહેવામાં આવતું હતું કે આનાથી રશિયાને આર્થિક રીતે મોટો ફાયદો થશે. લેવિટે સ્પષ્ટ કર્યુ કે આ પગલું ટૂંકા ગાળા માટે (શોર્ટ ટર્મ) છે અને આ ઓઈલ પહેલેથી જ સમુદ્રમાં ટ્રાન્ઝિટમાં હતું. તેનાથી રશિયન સરકારને કોઈ ખાસ આર્થિક લાભ થવાની શક્યતા નથી.નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીથી ઈરાન પર શરૂ થયેલા હુમલા બાદ જંગ હવે બીજા સપ્તાહમાં પહોંચી ગયો છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધો ઉભા થતા કાચા ઓઈલના ભાવમાં ભડકો થયો છે. આવી સ્થિતિમાં ભારત માટે રશિયન ઓઈલની આ છૂટ દેશની એનર્જી સિક્યુરિટી માટે અત્યંત મહત્વની માનવામાં આવે છે.

### પાક.ના હુમલામાં અત્યાર સુધી ૧૮૫થી વધુ અફઘાન નાગરિકોના મોત

# દંભી પાકિસ્તાન રમઝાન માસમાં નિર્દોષ અફઘાનીઓની હત્યા કરી રહ્યું છેઃ ભારત

**૧૮૫ મૃતકોમાંથી લગભગ ૫૫ ટકા મહિલાઓ અને બાળકો હતાંઃ આ હુમલાઓને કારણે એક લાખથી વધુ લોકો વિસ્થાપિત થયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)સંયુક્ત રાષ્ટ્ર

પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાન પર કરાઈ રહેલાં હવાઈ હુમલાંને ભારતે આંતરરાષ્ટ્રીય નિયમોનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યાં છે. સંયુક્ત રાષ્ટ્રમાં આ મામલે પાકિસ્તાનની બેવડાં વલણની ટીકા કરતાં ભારતે જણાવ્યું હતું કે, પાકિસ્તાન એક બાજુ ઈસ્લામ એકતાની વાત કરે છે અને બીજી તરફ રમઝાનના પવિત્ર મહિનામાં અફઘાનિસ્તાનના નિર્દોષ નાગરિકોનો ભોગ લઈ રહ્યું છે, જે તેની દંભી માનસિકતા દર્શાવે છે. અફઘાનિસ્તાનની સ્થિતિ અંગે સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતિમાં યોજાયેલી ચર્ચામાં ભાગ લેતાં ભારતના કાયમી પ્રતિનિધિ હરિશ પાર્વથનેનીએ જણાવ્યું હતું કે, ભારત અફઘાનિસ્તાન પરના હવાઈ હુમલાઓની સખત નિંદા કરે છે, જે આંતરરાષ્ટ્રીય કાયદા, યુએન ચાર્ટર અને રાજ્યની સાર્વભૌમત્વના સિદ્ધાંતનું ઘોર ઉલ્લંઘન છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એક તરફ આંતરરાષ્ટ્રીય કાયદા અને ઈસ્લામિક એકતાના ઉચ્ચ સિદ્ધાંતોનું સમર્થન કરવું અને બીજી તરફ પવિત્ર રમઝાન માસ દરમિયાન નિર્દયતાથી હવાઈ હુમલા કરવા તે દંભી વલણ દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાને કરેલાં હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ૧૮૫ નિર્દોષ અફઘાની નાગરિકો માર્યા ગયા છે. અફઘાનિસ્તાન સ્થિત યુએન આસિસ્ટન્સ મિશન અનુસાર, ૧૮૫ મૃતકોમાંથી લગભગ ૫૫ ટકા મહિલાઓ અને બાળકો હતાં. આ હુમલાઓને કારણે ૧,૦૦,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા છે. હરીશે વધુમાં જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસનો અહેવાલ પણ સરહદ પારની સશસ્ત્ર હિંસાને કારણે થતાં નાગરિકોના મૃત્યુ અંગે ઊંડી ચિંતા વ્યકત કરે છે. આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન અને નાગરિકોની સુરક્ષા અંગે તેમણે કરેલી અપીલનું ભારત સમર્થન કરે છે.

### આ દેશોની કંપનીઓને ફરજિયાત મંજૂરી વગર રોકાણ કરવા છૂટ

# કેન્દ્ર સરકારે ચીન-પાકિસ્તાન સહિતના પડોશી દેશો માટે FDI નિયમો હળવા કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકારે ચીન અને ભારત સાથે જમીન સરહદો ધરાવતા દેશો માટે સીધા વિદેશી રોકાણ (FDI)ના ધોરણો મંગળવારે હળવા કર્યા હતાં. હવેથી 10 ટકા સુધીનું આ દેશોનું વિદેશી શેરહોલ્ડિંગ ધરાવતી વિદેશી કંપનીઓ ભારતમાં સરકારની ફરજિયાત મંજૂરી વગર રોકાણ કરી શકશે. અગાઉ આ દેશોના શેરધારકો પાસે એક પણ શેર હોય તેવી વિદેશી કંપનીઓને ભારતમાં કોઈપણ ક્ષેત્રમાં રોકાણ કરવા માટે ફરજિયાત મંજૂરી લેવી પડતી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, આ રોકાણો પર ક્ષેત્રીય મર્યાદાઓ અને એન્ટ્રી રૂટ સહિત FDI ધોરણોની અન્ય શરતો લાગુ પડશે.

આ ઉપરાંત આ રોકાણોની માહિતીની અગાઉથી DPIIT (ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ)ને આપવાની રહેશે.સરકારે આ સંદર્ભમાં 2020ની પ્રેસ નોટ 3માં સુધારો કર્યો છે. 2020ના નિયમ હેઠળ ચીન, બાંગ્લાદેશ, પાકિસ્તાન, નેપાળ, ભૂતાન, મ્યાનમાર અને અફઘાનિસ્તાન સહિતના દેશોના શેરધારકો ધરાવતી વિદેશી કંપનીઓને ભારતમાં કોઈપણ ક્ષેત્રમાં રોકાણ કરવા માટે ફરજિયાત સરકારી મંજૂરી મેળવવી જરૂરી હતી.કેન્દ્રીય કેબિનેટે જળ જીવન મિશનને ડિસેમ્બર 2028 સુધી ચાલુ રાખવાની દરખાસ્તને મંજૂરી આપી હતી અને તેના માટે 8.7 કરોડની વધારાની ફાળવણી કરી છે. ગ્રામીણ ભારતના તમામ ઘરોને નળ દ્વારા સ્વચ્છ અને પૂરતું પીવાનું પાણી પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે આ મિશન 2019માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કર્યું હતું. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે અંતર્ગત મધ્યપ્રદેશમાં 3,892.42 કરોડના ખર્ચે ઉજ્જૈનને જોડતો રોડ બનાવાશે. મદુરાઈને ઈન્ટરનેશનલ એરપોર્ટ જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે.




# તંત્રી લેખ......

## સફળતાને વિસ્તૃત કરવાનો સમય

આજે ભારતમાં ક્રિકેટ લેખકો એક સુખદ મૂંઝવણનો સામનો કરી રહ્યા છે. જેમ જેમ આપણા ક્રિકેટરો નવી ઊંચાઈઓ પર પહોંચે છે, તેમ તેમ તેઓ તેમની જીત અને આ ઐતિહાસિક સુસંગતતાની ઉજવણી કરવા માટે નવા વિશેષણો, તાજા અભિવ્યક્તિઓ અને યોગ્ય શબ્દસમૂહો માટે શબ્દકોશ શોધવાની ફરજ પાડે છે. છેલ્લા ત્રણ વર્ષમાં, ભારતીય મર્યાદિત ઓવરની ટીમ આશ્ચર્યજનક ઊંચાઈઓ પર પહોંચી છે. ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપ ફાઈનલમાં હૃદયદ્રાવક હાર પછી, અમારી સફળતા સતત વધી રહી છે. અમે ૨૦૨૪નો ટી ૨૦ વર્લ્ડ કપ, માર્ચ ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી, ઓક્ટોબર ૨૦૨૫માં એશિયા કપ જીત્યો અને હવે સફળતાપૂર્વક અમારા ટી ૨૦ ટાઈટલનો બચાવ કર્યો. આ તાજેતરની જીત અનેક પ્રથમ સિદ્ધિઓ દર્શાવે છે.

ભારતે રેકોર્ડ ત્રીજો ટી ૨૦ વર્લ્ડ કપ ટાઈટલ જીત્યો, જે પ્રથમ ડિફેન્ડિંગ અને વિજયી યજમાન ટીમ બની. અમે છેલ્લી પાંચ બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાંથી ચાર જીતી છે, જેમાં ૩૭-૨નો જીત-હારનો રેકોર્ડ છે. આ ખરેખર ભારતીય ટીમની સાતત્ય અને વર્ચસ્વનો પુરાવો છે. દરેક સફળતા બહાદુરીની વાર્તાઓને જન્મ આપે છે. સદનસીબે, ઘણા બધા ખેલાડીઓ છે જેમણે વિજયની આ ગાથામાં ફાળો આપ્યો છે કે તે બધાને યાદ રાખવા અથવા ફક્ત થોડાને અલગ પાડવાનું મુશ્કેલ બની જાય છે. આ એક નોંધપાત્ર પરિસ્થિતિ છે. છેવટે, ક્રિકેટ એક ટીમ રમત છે, જ્યાં ટીમની સફળતા વ્યક્તિગત સિદ્ધિઓ કરતાં વધુ મહત્વ ધરાવે છે - એક ફિલસૂફી જેના પર કોચ ગંભીર ક્યારેય ભાર મૂકવાની તક ગુમાવતા નથી.

ટુર્નામેન્ટમાં પણ ઉતાર-ચઢાવ જોવા મળ્યા. સંજુ સેમસન, જે મૂળ ટીમનો ભાગ પણ નહોતો, તે ટુર્નામેન્ટનો શ્રેષ્ઠ ખેલાડી બન્યો. ટુર્નામેન્ટમાં અમારા મુખ્ય બેટ્સમેન તરીકે પ્રવેશ કરનાર અભિષેક શર્મા શરૂઆતમાં ખરાબ ફોર્મનો સામનો કરી રહ્યો હતો. જ્યારે તેમના સ્થાન પર પ્રશ્નાર્થ હતો, ત્યારે તેમણે ફાઈનલમાં શાનદાર ઈનિંગ્સ રમી. ઈશાન કિશને કટ્ટર હરીફ પાકિસ્તાન સામેની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, વ્યક્તિગત દુઃખ છતાં ફાઈનલમાં અમારા ઓપનરો દ્વારા આપવામાં આવેલી ગતિને આગળ ધપાવી હતી.

કેપ્ટનના નોંધપાત્ર યોગદાન વિના પણ અમારી જીત શક્ય બની હતી (યુએસએ સામેની પહેલી મેચ સિવાય). જ્યારે તિલક વર્મા અને પંડ્યાએ કેટલીક વાર પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું, ત્યારે શિવમ દુબે ફિનિશર તરીકે સાતત્ય દર્શાવ્યું હતું. બુમરાહ નિઃશંકપણે એક અસાધારણ ખેલાડી છે. તે વિશ્વનો શ્રેષ્ઠ ઓલ-ફોર્મેટ બોલર છે. ભારત માટે સદભાગ્યે, વિશ્વભરના બેટ્સમેનોને હજુ સુધી તેમના માટે કોઈ મેચ મળી નથી. દરમિયાન, અક્ષર પટેલે બોલ અને મેદાન બંનેમાં પોતાની કુશળતા અને ચપળતાથી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

લગભગ આખી ટીમ પ્રશંસાને પાત્ર છે. આ અમારી સામૂહિક શક્તિ અને રમત પ્રત્યેની ઊંડી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આ સુનિશ્ચિત કરે છે કે ખેલાડીઓ સતત મહેનત અને પ્રદર્શન માટે પ્રતિબદ્ધ રહે છે. ભૂતકાળની સિદ્ધિઓ પર આરામ કરવાનો સમય નથી, કારણ કે પ્રતિભાશાળી યુવા ખેલાડીઓની લાંબી પાઈપલાઈન હંમેશા તેમનું સ્થાન લેવા માટે તૈયાર રહે છે. આનાથી અસુરક્ષા અથવા દબાણ થઈ શકે છે, પરંતુ આ જ લાગણી ક્રિકેટરોને આત્મસંતોષ ટાળવા માટે પ્રેરિત કરે છે, જે લાંબા કારકિર્દી માટે જરૂરી તત્વ છે. જીત એ ઉજવણીનો પ્રસંગ છે, પરંતુ આત્મનિરીક્ષણ પણ સુસંગતતા માટે જરૂરી છે. આપણે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં ખાસ સફળતા મેળવી છે, પરંતુ રમતના મૂળ વિશે શું: ટેસ્ટ ફોર્મેટ? ૨૦૨૫ના ઈંગ્લેન્ડના પ્રવાસને બાદ કરતાં, છેલ્લા દોઢ વર્ષમાં ટેસ્ટ ફોર્મેટમાં અમારું પ્રદર્શન સરેરાશથી નીચે રહ્યું છે. અમે ઓસ્ટ્રેલિયામાં હાર્યા અને ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે વ્હાઈટવોશ થવાનું અપમાન સહન કર્યું. તે કદાચ ભારતીય ટેસ્ટ ટીમ માટે સૌથી નીચો પોઈન્ટ હતો. ભૂતકાળની મહાન ટીમો, પછી ભલે તે ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાની વેસ્ટ ઈન્ડીઝ હોય કે ૨૦૦૦ના દાયકાની ઓસ્ટ્રેલિયા, બધી પરિસ્થિતિઓમાં બધા ફોર્મેટ પર પ્રભુત્વ ધરાવે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૧૦૦ અને ચાંદીના વાયદામાં રૂ.૬૯૦૦નો ઘટાડોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૫૮નો ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૯૪૮.૨૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૬૩૪૩.૪૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૧૮૮૨.૨૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૦૨૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૦૨૯૨.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૯૪૮.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૪૬૩૪૩.૪૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૨૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૮૭૭.૧૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૧૮૮૨.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩૧૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૧૪૯ અને નીચામાં રૂ.૧૬૧૯૭૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૩૩૦૩ના આગલા બંધ સામે રૂ.૧૧૦૦ ઘટી રૂ.૧૬૨૨૦૩ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૧૨ ઘટી રૂ.૧૩૨૨૪૧ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૧ ઘટી રૂ.૧૬૬૨૮ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨૧ ઘટી રૂ.૧૬૨૧૫૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩૪૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૮૦૦ અને નીચામાં રૂ.૧૬૨૭૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૩૭૭૮ના આગલા બંધ સામે રૂ.૯૦૮ ઘટી રૂ.૧૬૨૮૭૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૬૯૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૬૯૯૯ અને નીચામાં રૂ.૨૭૦૫૫૧ના મથાળે અથડાઈ, રૂ.૨૭૭૮૫૦ના આગલા બંધ સામે રૂ.૬૯૦૦ ઘટી રૂ.૨૭૦૯૫૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૬૮૩૫ ઘટી રૂ.૨૭૫૮૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૬૯૫૦ ઘટી રૂ.૨૭૫૮૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૧૩૮.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૮.૧૫ ઘટી રૂ.૧૧૯૯.૮ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૩૫ ઘટી રૂ.૩૨૪.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૪.૭ વધી રૂ.૩૪૧.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૨૦ પૈસા વધી રૂ.૧૮૮.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૯૯૭૨.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૧૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૨૫૯ અને નીચામાં રૂ.૪૧૦૭ના મથાળે અથડાઈ, રૂ.૧૩૩ વધી રૂ.૪૨૪૯ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૭૭૧૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૨૨૪ અને નીચામાં રૂ.૭૫૯૬ના મથાળે અથડાઈ, રૂ.૭૪૨૧ના આગલા બંધ સામે રૂ.૫૫૮ વધી રૂ.૭૯૭૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૫૫૫ વધી રૂ.૭૯૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૮.૯ વધી રૂ.૨૮૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૮.૭ વધી રૂ.૨૮૫.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૮૫ના ભાવે ખૂલી, રૂ.૨૭ વધી રૂ.૧૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૫૦૦ ઘટી રૂ.૨૫૫૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૮ના ભાવે ખૂલી, રૂ.૨૨ ઘટી રૂ.૨૫૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૬૦૫.૬૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૨૭૬.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૩૬૦.૦૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭૨.૦૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩.૭૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૯૭.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૫.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૩૩૧.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૨૬.૨૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૯.૨૪ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૨૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૧ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૨૩૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૦૩૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૦૩૫૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૩૫૯૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૦૩૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૭૯૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૨૧૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૬૦૭૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૩૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૮૮૧૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૮૧૧૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૪૨૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૦૪૨૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૦૧૬૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૭ પોઈન્ટ ઘટી ૪૦૨૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૬૩.૭ વધી રૂ.૭૦૩.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૪ વધી રૂ.૨૧.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૮ ઘટી રૂ.૪૪૪ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૦૪ ઘટી રૂ.૧૦૫૪ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૭ ઘટી રૂ.૧૦ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૨ વધી રૂ.૭.૯૬ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭૭.૦૫ વધી રૂ.૭૨૩.૫૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૬૫ વધી રૂ.૨૨.૫૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૪.૫ ઘટી રૂ.૫૩૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૫૧ ઘટી રૂ.૬૯૭૭.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪૦.૧ ઘટી રૂ.૨૬૧.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭૫ ઘટી રૂ.૧૭.૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬ ઘટી રૂ.૩૨૪ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨.૫ ઘટી રૂ.૧૧૫૪.૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૨૭ વધી રૂ.૨૨.૮ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૫.૫ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪૯.૧ ઘટી રૂ.૨૬૨.૧૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪ ઘટી રૂ.૧૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦ ઘટી રૂ.૩૫૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૮ વધી રૂ.૮૫૦ થયો હતો.

# નસવાડી તાલુકામાં સગર્ભાઓને દવાખાને પહોંચાડવા માટે લોકો ઝોળીનો ઉપયોગ કરવા મજબૂર બન્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

વિકાસશીલ ગુજરાતના દાવા વચ્ચે છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાંથી સરકારી વહીવટની અત્યંત શરમજનક તસવીર સામે આવી છે. ડુંગરાળ વિસ્તારો અને કાચા રસ્તા પર દોડવા માટે લાખોના ખર્ચે ખરીદાયેલી એમ્બ્યુલન્સો ધૂળ ખાઈ રહી છે, જ્યારે બીજી તરફ આધુનિક યુગમાં પણ આદિવાસી સમાજની સગર્ભાઓને દવાખાને પહોંચાડવા માટે લોકો 'ઝોળી'નો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે.

છોટા ઉદેપુર જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા અંદાજે ૨૦ લાખના ખર્ચે ખાસ પ્રકારની એમ્બ્યુલન્સોની ખરીદી કરવામાં આવી હતી. હેતુ એવો હતો કે, ૧૦૮ એમ્બ્યુલન્સ જ્યાં ન પહોંચી શકે તેવા દુર્ગમ વિસ્તારોમાં આ વાહનો પહોંચે. નસવાડી તાલુકાને આ એમ્બ્યુલન્સો ફાળવી તો દેવાઈ, પરંતુ બ્લોક હેલ્થ ઓફિસરને આ વાહનો કયા PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ને આપવા તેની સ્પષ્ટતા ન કરાતા બે-બે એમ્બ્યુલન્સો ગઢબોરીયાદ સામૂહિક આરોગ્ય કેન્દ્રના કમ્પાઉન્ડમાં ભંગાર હાલતમાં પડી રહી છે. ગઈકાલે જ નસવાડીના ખોખરા અને નલિયાબારી ગામે જ્યારે સગર્ભાને તાકીદે હોસ્પિટલ ખસેડવાની જરૂર હતી, ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ ખરાબ રસ્તાના કારણે પહોંચી શકી ન હતી. જો વહીવટી તંત્રએ ડુંગરાળ વિસ્તારની આ ખાસ એમ્બ્યુલન્સો ચાલુ રાખી હોત, તો તે સરળતાથી ત્યાં પહોંચી શકત. પરંતુ અધિકારીઓના વાંકે દર્દીઓને ઝોળીમાં નાખીને પહાડો ઉતારવા પડ્યા હતા. સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કે છોટા ઉદેપુર જિલ્લા પંચાયતમાં છેલ્લા બે વર્ષથી ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી વહીવટ ચલાવી રહ્યા છે. આ ઈન્ચાર્જ રાજમાં પ્રજાની સુખાકારીની કોઈને પડી ન હોય તેમ દેખાઈ રહ્યું છે. સરકારના લાખો રૂપિયાના સાધનો અધિકારીઓની આળસ અને સંકલનના અભાવે વ્યર્થ સાબિત થઈ રહ્યા છે.

# અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરો સાથે ઠગાઈ કરનાર આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ, આરપીએફએ બે આરોપીઓને ઝડપી લીધા

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રેલવે સુરક્ષા દળ (આરપીએફ) દ્વારા નિરંતર સતર્કતા રાખવામાં આવી રહી છે. આ જ ક્રમમાં આરપીએફએ અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરો સાથે ઠગાઈ કરનાર એક આંતરરાજ્ય ગેંગના બે સક્રિય સભ્યોને પકડીને આગળની કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપ્યા છે.

હાલમાં બે મુસાફરોએ આરપીએફ પોસ્ટ અમદાવાદ ખાતે ફરિયાદ નોંધાવી હતી કે કેટલાક અજાણ્યા લોકોએ તેમને એવું કહીને છેતર્યા હતા કે રેલવે પરિસરમાં રોકડ રકમ સાથે ફરવું પ્રતિબંધિત છે અને તેને રેલવે કાર્ડમાં જમા કરાવવી જરૂરી છે. આ બહાને પ્રથમ ઘટનામાં એક મુસાફર પાસેથી રૂા.૧૨,૦૦૦ રોકડ અને એક મોબાઈલ ફોન ઠગાઈ કરીને લઈ લેવામાં આવ્યા, જ્યારે બીજી ઘટનામાં અન્ય એક મુસાફર પાસેથી રૂા.૩,૦૦૦ રોકડ, મોબાઈલ ફોન તેમજ તેના બેંક ખાતામાંથી અંદાજે રૂા.૧,૦૦,૦૦૦ની છેતરપિંડી કરવામાં આવી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ મંડળ સુરક્ષા આયુક્ત, અમદાવાદના માર્ગદર્શન હેઠળ ઈન્સ્પેક્ટર/આરપીએફ અમદાવાદના નેતૃત્વમાં એક વિશેષ ટીમ (CPDS)ની રચના કરવામાં આવી. ટીમ દ્વારા સ્ટેશન પરિસરના સીસીટીવી ફૂટેજની વિગતવાર તપાસ દરમિયાન ચાર શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી, જેમની માહિતી ક્રાઈમ બ્રાંચ તથા જીઆરપી સાથે શેર કરવામાં આવી.

આરપીએફ ટીમના એએસઆઈ માનસિંહ, સીટી મંજીત કુમાર તથા સીઆઈબી સ્ટાફ દ્વારા સ્ટેશન પરિસરમાં સઘન શોધ અભિયાન હાથ ધરવામાં આવ્યું, જેમાં બે શંકાસ્પદોને ઝડપી લેવામાં આવ્યા. તેમની ઓળખ પરેશ કુમાર પટેલ (રહેવાસી સુરત) તથા કાઉડા (રહેવાસી ઉદયપુર) તરીકે થઈ.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ સ્વીકાર્યું કે તેઓ તેમના સાથી મિટ્ઠુ સિંહ અને પ્રિન્સ સાથે મળીને અમદાવાદ, સાબરમતી, દિલ્હી, સિકંદરાબાદ, હૈદરાબાદ, જયપુર, ભોપાલ અને સુરત જેવા મોટા રેલવે સ્ટેશનો પર ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર જતાં ઓછા શિક્ષિત મુસાફરોને નિશાન બનાવતા હતા.




બંને આરોપીઓ તેમના સાથીઓ સાથે રેલવે સ્ટેશનોના બુકિંગ હોલ, પ્લેટફોર્મ વગેરે સ્થળોએ ઉભા રહી મુસાફરો પર નજર રાખતા હતા અને ખાસ કરીને બિહાર તથા ઉત્તર પ્રદેશ જતાં ઓછા શિક્ષિત મજૂર વર્ગના મુસાફરોને નિશાન બનાવતા હતા. તેઓ મુસાફરો સાથે તેમની ભાષામાં વાતચીત કરીને વિશ્વાસ જીતતા અને ખોટી માહિતી આપતા કે રેલવેમાં રોકડ કે મોબાઈલ રાખવું પ્રતિબંધિત છે, તેથી પૈસા અને મોબાઈલ જમા કરાવી કાર્ડ બનાવવું પડશે. ત્યારબાદ તેમનો એક સાથી નકલી રૂા.૫૦૦ના કૂપન નોટ આપીને કાર્ડ બનાવવાનું નાટક કરતો, જેથી મુસાફરને વિશ્વાસ થઈ જાય. આ રીતે વિશ્વાસમાં લઈ તેઓ મુસાફરો પાસેથી રોકડ અને મોબાઈલ લઈને ફરાર થઈ જતા અને મોબાઈલ દ્વારા પૈસાની લેવડદેવડ પણ કરી લેતા. આ રીતે તેઓ ભોળા અને ઓછા શિક્ષિત મુસાફરોને પોતાનો શિકાર બનાવતા હતા.

પકડાયેલા આરોપીઓ પાસેથી રૂા.૧,૦૩,૧૫૦ રોકડ, ૦૪ મોબાઈલ ફોન, ૦૨ બેગ તેમજ ૮૪ નકલી કૂપન નોટો જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં આઈપીએફ પ્રવીણ કુમાર, એએસઆઈ માનસિંહ, સીટી મંજીત કુમાર, સીટી ધીરજ અને સીટી અંકિતની મહત્વપૂર્ણ ભૂમિકા રહી.

પકડાયેલા આરોપીઓને આગળની કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપવામાં આવ્યા છે, જ્યાં તેમની સામે બીએનએસ ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ કરવામાં આવી રહી છે.

પશ્ચિમ રેલવે મુસાફરોને અપીલ કરે છે કે મુસાફરી દરમિયાન કોઈપણ અજાણ્યા વ્યક્તિની વાતોમાં ન આવે અને પોતાની રોકડ રકમ, મોબાઈલ ફોન તથા બેંક સંબંધિત માહિતી સુરક્ષિત રાખે.

કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તરત જ આરપીએફ અથવા રેલવે હેલ્પલાઈનને જાણ કરો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ભાવનગર મંડળમાં મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC)ની બેઠક સંપન્ન

મુસાફરોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા રેલ સેવાઓ સંબંધિત સૂચનો પર ચર્ચા-વિચારણા કરવા માટે પશ્ચિમ રેલ્વેના ભાવનગર મંડળમાં મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC)ની બેઠક તા. ૧૧ માર્ચ, ૨૦૨૬ (બુધવાર)ના રોજ મંડળ કાર્યાલયમાં યોજાઈ હતી.

બેઠકનો પ્રારંભ સમિતિના સચિવ તથા વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યો. તેમણે ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કરતા ભાવનગર મંડળમાં અમૃત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા સ્ટેશનોની પ્રગતિ તથા પ્રસ્તાવિત મુસાફર સુવિધાઓ વિશે વિગતવાર માહિતી આપી.

આ અવસરે સમિતિના અધ્યક્ષ અને મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ભાવનગર મંડળમાં ચાલી રહેલી વિવિધ વિકાસાત્મક પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટો તથા તાજેતરની સિદ્ધિઓ વિશે સભ્યોને માહિતગાર કર્યા. તેમણે જણાવ્યું કે મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક અને ગુણવત્તાસભર રેલ સેવાઓ પ્રદાન કરવી મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને સમિતિના સભ્યો તરફથી મળતા તમામ યોગ્ય સૂચનો અને માંગણીઓ પર પ્રાથમિકતા આધારે કાર્યવાહી કરવામાં આવશે.

બેઠક દરમિયાન પાવર પ્રેઝન્ટેશન દ્વારા ભાવનગર મંડળની સિદ્ધિઓ, ચાલી રહેલા પ્રોજેક્ટો તથા મુસાફર સુવિધાઓમાં કરવામાં આવતા સુધારાઓ અંગે માહિતી આપવામાં આવી. સમિતિના સભ્યોએ તેમના પોતાના વિસ્તારો સંબંધિત રેલ સમસ્યાઓ, નવી ટ્રેનોના સંચાલન, લંબિત પ્રોજેક્ટોની વહેલી પૂર્ણતા તથા સ્ટેશનો પર મુસાફર સુવિધાઓને વધુ સુધારવા અંગે મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા.

બેઠકમાં સમિતિના સભ્યો શ્રી કિરણ એમ. ગાંધી (ભાવનગર), શ્રી બૈજુ એસ. મહેતા (ભાવનગર), શ્રી મહેન્દ્ર શાહ (ભાવનગર), શ્રી ઉપેન્દ્રભાઈ જાની (ભાવનગર), શ્રી પ્રદીપભાઈ એચ. દેસાઈ (ભાવનગર), શ્રી પારસભાઈ સી. શાહ (ભાવનગર), ડૉ. આર.સી. ગુપ્તા (ભાવનગર), શ્રી પ્રવિણસિંહ બી. ઝાલા (સુરેન્દ્રનગર), શ્રી અનિષ એન. રાચ્છ (વેરાવળ), શ્રી જિગ્નેશ કારિયા (પોરબંદર) તથા શ્રી એસ. એ. સિંહ (અધીક્ષક ઈજનેર, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકના અંતે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ તમામ સભ્યોને તેમના કિંમતી સૂચનો અને સક્રિય સહભાગિતાને બદલ આભાર વ્યક્ત કર્યો. આ અવસરે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં ઉમેદવાર પસંદગી પ્રક્રિયા યોજાઈ

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુદ્દે AAPની ઉમેદવાર પસંદગી પ્રક્રિયા શરૂ





અમદાવાદ/સુરત/વડોદરા

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. થોડા સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે. આ બાબતે આમ આદમી પાર્ટી સતત સંઘર્ષ કરીને આજે ગુજરાતની અંદર એક મજબૂત વિકલ્પ તરીકે ઊભરી આવી છે. આજે જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પાર્ટી તમામ સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે. આ બાબતે આમ આદમી પાર્ટીના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ગત ૧૦મી માર્ચથી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં મહાનગરપાલિકા અને જિલ્લા તથા તાલુકા પંચાયતની સીટો માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં દાવેદારોના ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળી રહી છે. ગુજરાતના લોકો અને ગુજરાતના યુવાનો ભાજપના શાસનમાંથી મુક્તિ ઈચ્છે છે. આમ આદમી પાર્ટી એક સકારાત્મક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે ત્યારે જેને પણ રાજકારણમાં આવવું હોય તે આ પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે. આવો સાથે મળીને ગુજરાતને ભાજપના અત્યાચારમાંથી મુક્ત કરીએ અને સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ કરીએ.

આમ આદમી પાર્ટી દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરશે. પ્રથમ તબક્કામાં જિલ્લા અને લોકસભા સ્તરે આગામી ૧૦મી તારીખથી લઈને ૧૫મી તારીખ સુધી અલગ અલગ જિલ્લાઓ અને લોકસભા વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની સ્ક્રુટિની કમિટીઓ બેઠક કરશે. તેમાં તમામ દાવેદારો, જેમણે ચૂંટણી લડવા માટે ઇચ્છા દર્શાવી છે, તેઓને મળવામાં આવશે અને સાથે સંગઠનના સાથીઓ સાથે ચર્ચા કરીને પસંદગી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. ત્યારબાદ પ્રદેશ સ્તરે પ્રદેશ ચૂંટણી કમિટી દ્વારા ૧૬મીથી ૧૮મી તારીખ વચ્ચે તમામ ઉમેદવારના નામો અને ચર્ચાઓ પર વિચાર કરવામાં આવશે. ત્યાર પછી આ તમામ નામો આમ આદમી પાર્ટીની સર્વોચ્ચ સમિતિ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. અમને પૂરો વિશ્વાસ છે કે આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારોના નામ ૨૦મી માર્ચ પછી જાહેર કરવામાં આવશે અને પાર્ટી તમામ સીટો પર મજબૂત ઉમેદવારો સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે.

### પ્રશ્નકાળમાં શિસ્ત જળવાય તે માટે પોઈન્ટ ઓફ ઓર્ડર મૂક્યો : ગોપાલ ઈટાલિયા

# ગૃહમાં પોતાના ઠપકાઓ છુપાવવા ભાજપે કેશુભાઈ પટેલની ઓથ લીધી: ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/જૂનાગઢ/ગાંધીનગર

ગાંધીનગર ખાતે ચાલી રહેલી વિધાનસભાની પ્રશ્નોતરી મામલે વાત કરતા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ભાજપના નેતાઓએ ગૃહની અંદર પોતાના ઠપકા પડેલા મુદ્દાઓ છુપાવવા માટે કેશુભાઈ પટેલની ઓથ લેવી પડી છે. જે સ્વર્ગસ્થ કેશુભાઈ પટેલ અમારા પૂજ્ય બાપા કહી શકાય, વડીલ કહી શકાય, તેવા કેશુભાઈ પટેલને અપમાનિત કરીને અને સત્તામાંથી હટાવવાનું પાપ ભાજપના નેતાઓએ કર્યું હતું. જે કેશુભાઈ પટેલ રાજનીતિમાંથી બહાર નીકળી ગયા પછી અને આ દુનિયામાંથી વિદાય લીધા પછી એક પણ વખત તેમના નામે ભાજપે કોઈ યોજના શરૂ કરી નથી. કેશુભાઈનું કોઈ પુતળું પણ મૂક્યું નથી, તેમના નામનો ઉલ્લેખ પણ ભાગ્યે જ થાય છે અને ભાજપના કાર્યાલયોમાં પણ તેમનો ફોટો મૂકવામાં આવતો નથી. એવા કેશુભાઈ પટેલની ઓથ આજે ભાજપના નેતાઓએ લેવી પડી છે. કેશુભાઈનો શરણ લેવુ પડ્યુ, કેશુભાઈના પગ પકડવા પડ્યા અને કેશુભાઈની સરકાર સારી સરકાર હતી એવું આજે ગુજરાતના ભાજપના નેતાઓએ ગૃહની અંદર કબૂલવું પડ્યું.

મને ગર્વ છે કે ભાજપના નેતાઓએ આ વાત કબૂલવી પડી અને તે ઘટનાનો નિમિત્ત હું બન્યો. વિધાનસભાની અંદર મેં પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો હતો. સામાન્ય રીતે સવારે એક કલાક પ્રશ્નકાળ હોય છે. આ પ્રશ્નકાળમાં ગુજરાતના વિવિધ ધારાસભ્યો પોતાના મતવિસ્તારની સમસ્યાઓ અંગે મંત્રીઓને પ્રશ્નો પૂછે છે, તેથી પ્રશ્નકાળ રાખવામાં આવે છે. પરંતુ આ પ્રશ્નકાળ દરમિયાન ઘણી વખત તમામ પક્ષોના નેતાઓ દ્વારા ટીકા-ટિપ્પણીઓ, રાજકીય અવલોકનો, અને કટાક્ષ કરવામાં સમય પસાર થતો હોય છે. તેથી મેં આજે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કરીને અધ્યક્ષનું ધ્યાન દોર્યું હતું કે તમામ પક્ષોના સભ્યો ગૃહમાં હાજર છે, તેથી અધ્યક્ષએ એવો આદેશ કરવો જોઈએ કે જ્યારે કોઈ સભ્ય પ્રશ્ન પૂછવા ઊભો થાય ત્યારે પ્રશ્ન સિવાયની અન્ય કોઈ વાત ન કરે. સરકારનો આભાર પણ ન માને અને સરકારની ટીકા પણ ન કરે. આવો આદેશ અધ્યક્ષ કરે તે માટે મેં પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો હતો. મારા પોઈન્ટ ઓફ ઓર્ડરમાં મેં કોઈ પણ પ્રકારનું રાજકીય અવલોકન કર્યું નહોતું અને કોઈ પણ પક્ષની ટીકા કરી નહોતી. તેમ છતાં મારી સામે સરકારના અનેક મંત્રીઓ ઊભા થઈને મારા ઉપર વ્યક્તિગત આક્ષેપો કર્યા, વ્યક્તિગત રીતે મારી ટીકા કરી અને મારી સાથે તુકારો કર્યો. ગુજરાતના ગૃહમંત્રીએ તો મારી સાથે તુકારો કરીને મને "તું ચુપ થઈ જા" એવી ભાષા પણ વાપરી.

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે તેમ છતાં હું એમનાથી ડર્યા વગર એમના તમામ આક્ષેપોનો સામનો કર્યો અને અંતે ભાજપના તમામ નેતાઓને કેશુભાઈ પટેલના પગ પકડવા પડ્યા અને એમની સરકાર સારી સરકાર હતી એવું કબૂલવું પડ્યું. આજે હું ભાજપના તમામ મિત્રોનું ધ્યાન દોરવા માંગું છું કે કેશુભાઈ પટેલ ગુજરાતના આજ સુધીના સૌથી લોકપ્રિય ખેડૂત નેતા હતા, છે અને રહેશે. ભાજપના નેતાઓને હજુ પણ થોડું ઘણું લાજ-શરમ હોય અને આજે કેશુભાઈના નામથી જો તેમને શરમ આવે છે, તો ઓછામાં ઓછું ગાંધીનગરના કોબા સ્થિત ભાજપ કાર્યાલયમાં કેશુભાઈ પટેલનો મોટો પૂર્ણાકૃતિ ફોટો મૂકવો જોઈએ એવી મારી માંગ છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગામી ૩૧ માર્ચે વાવ થરાદ જિલ્લામાં જંગી જાહેરસભા

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પહેલા વડાપ્રધાન મોદીની જંગી સભા યોજાઈ શકે છેઃ વાવ થરાદમાં મોદીની જંગી સભાનુ આયોજન




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ રાજકીય માહોલ ગરમાયો છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર પોતાના હોમ સ્ટેટ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. કારણ કે ગુજરાતમાં હાલમાં વિપક્ષોએ પ્રચાર પ્રસાર પુરજોશમાં વધારી દીધો છે. તો કેટલાક ઠેંકાણે પ્રજાની નારાજગી પાર્ટીને પોસાય તેમ નથી. તો બીજી તરફ આવનારી સેમી વિધાનસભા ગણાતી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપને મોટુ નુકશાન થઈ શકે છે. જેને લઈ નરેન્દ્ર મોદીનો જાદુ ફરી ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ જગાવે તેને લઈને પણ વાવ થરાદ જિલ્લામાં મોદીની સભા યોજાવવાની હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

વડાપ્રધાન મોદીના એક દિવસીય પ્રવાસનુ આયોજન હાલમાં અંતિમ તબકકામાં ચાલી રહ્યુ છે. આ પ્રવાસની સૌથી મહત્વની બાબત એ છે કે વડાપ્રધાન નવરચિત વાવ થરાદ જિલ્લાની મુલાકાત લઈ શકે છે, આગામી તારીખ ૩૧ માર્ચે વડાપ્રધાન મોદી આ નવરચિત જિલ્લામાં એક જંગી સભા ને સંબોધીત કરે તેવી પુરેપુરી શકયતા છે. નવરચિત જિલ્લાની જાહેરાત બાદ વડાપ્રધાનની આ પ્રથમ મુલાકાત હોવાથી સ્થાનિક કાર્યકરો અને જનતામાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ચુંટણીનુ રણસીંગુ ફુંકાય તે અગાઉ મોદીની જાહેરસભા યોજાય તે ભાજપ માટે જીતના ચિન્હો બતાવી શકે છે. કારણ કે મોદીની સભામાં કાર્યકરોનો ઉત્સાહ વધી જાય છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ વડાપ્રધાનની આ મુલાકાત ભાજપના પ્રચાર અભિયાનને વેગ આપશે. આ પ્રવાસ દરમિયાન તેઓ અન્ય કેટલાક સરકારી કાર્યક્રમોમાં પણ હાજરી આપી શકે છે અને વિકાસલક્ષી પ્રોજેકટનુ લોકાર્પણ કે ખાતમુહુર્ત કરી શકે છે. ઉત્તર ગુજરાતના આ મહત્વના પટ્ટામાં વડાપ્રધાનની હાજરી થી પક્ષના સંગઠનને નવી ઉર્જા મળશે. વહિવટી તંત્ર દ્વારા વડાપ્રધાનના આ એક દિવસીય પ્રવાસને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કેટલાક રાજકીય વિશ્લેષકો એવુ પણ વિચારી રહ્યા છે કે મોદીની આ સભા એક ચુંટણી પ્રચાર પણ હોઈ શકે છે સાથે સાથે કેટલાક લોકાર્પણ અને ખાતમુહુર્તના કાર્યક્રમો બાદ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની આચાર સંહિતા લાગી શકે છે.

# ગુજરાત સરકારે પાંચ વરસમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી ૩.૩૧ લાખ કરોડ ની વીજળી ખરીદી



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં સરકારી વીજ ઉત્પાદન મથકોની ક્ષમતા વર્ષ ૨૦૦૧-૦૨ માં ૪૫૧૩ મેગા વોટ હતી. તે વર્ષ ૨૦૨૪-૨૫ માં વધીને ૬૬૭૦ મેગા વોટ થઈ છે અને ફકત ૨૧૫૭ મેગા વોટનો વધારો થયો હોવાનુ કોંગ્રેસે વિધાનસભામાં જણાવ્યુ હતું. તેની સામે ખાનગી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા આ સમયગાળામાં ૧૪૪૫ મેગા વોટ હતી તે વધીને ૭૬૪૧ મેગા વોટ થવા પામી છે. અને કુલ ૬૨૦૧ મેગા વોટનો વધારો નોંધાયો છે. તો ખાનગી વીજ કંપનીઓ પાસેથી ૫ વરસમાં ૩,૩૧,૭૬૦ કરોડ રૂપીયાની વીજળી ખરીદવામાં આવી છે. ઉર્જા વિભાગની માંગણીઓ પરની ચર્ચા માં કોંગ્રેસના ઉપનેતા શૈલેષ પરમારે જણાવ્યુ હતુ કે રાજયની માલીકીના આઈપીપીએસ વીજ મથકોની ઉત્પાદન ક્ષમતામાં પણ આ ૨૫ વરસ દરમિયાન માત્ર ૭૬૫ મેગા વોટનો વધારો થતા સરકારી અને આઈપીપીએસ સહિત કુલ ૨૯૨૨ મેગા વોટ નો જ વધારો થવા પામ્યો છે. સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ અદાણી, ટોરેન્ટ અને ટાટા પાસેથી જંગી વીજળી ખરીદવામાં આવે છે. છેલ્લા પાંચ વરસમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદેલી વીજળી ની માહિતી આપતા પરમારે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૨૧ માં ૧૨,૧૮૬ કરોડ, ૨૦૨૨ માં ૨૦,૮૯૮ કરોડ, ૨૦૨૩ માં ૧૯,૭૩૬ કરોડ , ૨૦૨૪ માં ૪૪,૩૯૯ કરોડ, અને ૨૦૨૫ માં ૨,૩૪,૫૪૧.૪૪ કરોડ રૂપીયાની વીજ ખરીદી કરવામાં આવી છે. ૫ વરસમાં કુલ ૩.૩૧ લાખ કરોડ રૂપીયાની વીજળી ની ખરીદી ખાનગી કંપનીઓ પાસેથી કરવામાં આવી છે. ફીકસ ચાર્જ પેટે વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ માં ૧૬૧૨ કરોડ રૂપીયાની રકમ પણ ચુકવવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭.૫ ટકા અને શહેરી વિસ્તારમાં ૧૫ ટકા વીજ ડ્યુટી રાખીને સરકાર ભેદભાવ રાખી રહી છે.

શૈલેષ પરમારે એવો પણ દાવો કર્યો હતો કે કેજી બેસીનમાંથી ગેસ મેળવવા માટે રાજય સરકારે કુલ ૨૦ હજાર કરોડ રૂપીયાનો ખર્ચ કર્યા પછી એકપણ રૂપીયાનો ગેસ પેદા કરી શકી નથી, કેજી બેસીનનો પ્રોજેકટ જીએસપીસી (ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન) એ એકપણ રૂપીયો લીધા વિના ઓએનજીસી હસ્તક કરી દીધો હોવાનુ પણ કહ્યુ હતું.

# અમદાવાદમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે વાહન ચાલકોને આપી રાહતઃ બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી ટ્રાફીક સીંગ્નલ રહેશે બંધ



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં બપોરના સમયે રોડ રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોને સીંગ્નલ પર ઉભા રહી શેકાવુ ન પડે તે માટે તંત્ર એ મહત્વનો નિર્ણય લીધો છે.

નવા પ્લાન મુજબ શહેરના મુખ્ય ૭૦ જેટલા ટ્રાફીક સીંગ્નલો બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી બંધ રાખવામાં આવશે. આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ ટ્રાફીક જંકશન પર વાહન ચાલકોને સીધા તડકામાં લાંબો સમય ઉભા રહેવાથી બચાવવાનો છે.

માત્ર ટ્રાફીક સીંગ્નલ બંધ કરવા એટલુ જ નહી, પણ જયાં સીંગ્નલ ચાલુ રાખવા અનિવાર્ય છે અથવા મોટા જંકશનો છે ત્યાં વાહન ચાલકોને છાંયડો મળી રહે તેવુ આયોજન પણ કરવામાં આવ્યુ છે.

ક્રેડાઈ અને અન્ય સામાજિક સંસ્થાઓના સહયોગથી ટ્રાફીક સીંગ્નલો પર ગ્રીન નેટ (લીલીજાળી) લગાડવામાં આવશે. આ નેટ એવી રીતે લગાવવામાં આવશે કે જેથી પોલીસના સીસીટીવી કેમેરાની દેખરેખમાં કોઈ અવરોધ ન આવે અને વાહન ચાલકોને આકરી ગરમીથી સુરક્ષા મળે,

અમદાવાદમાં દર વરસે હીટવેવ ના કારણે લોકોના સ્વાસ્થ્ય પર માઠી અસર પડતી હોય છે. હીટ એકશન પ્લાન હેઠળ એએમસી દ્વારા પાણીની પરબો , ગ્રીન કવર અને હોસ્પીટલોમાં વિશેષ હીટ વોર્ડની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ટ્રાફીક સીંગ્નલ બંધ રહેવાથી બપોરના સમયે ટ્રાફીકનુ ભારણ હળવુ થશે અને વાહન ચાલકો ઝડપથી પોતાના ગંતવ્ય સ્થાને પહોચી શકશે, તંત્રના આ નિર્ણયને શહેરીજનો આવકારી રહ્યા છે. કારણ કે માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીનો પારો સતત ઉંચો જઈ રહ્યો છે.

# AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ પોલીસના દુરુપયોગ મુદ્દે વિધાનસભામાં અવાજ ઉઠાવ્યો

અમદાવાદ/ભરૂચ/નર્મદા/

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આજે વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગૃહ વિભાગ પોલીસ, જેલ અને કાયદા વિભાગની માંગણીઓને લઈને ગૃહમંત્રી અને નાયબ મુખ્યમંત્રી આવ્યા હતા ત્યારે મને મારા વિચારો રજૂ કરવાની તક મળી. ગુજરાતના સવા છ કરોડ લોકોની સુરક્ષાની જવાબદારી ગૃહ વિભાગની છે અને આના માટે તેઓ શપથ પણ લે છે. આજે ગૃહ વિભાગમાં બે પ્રકારના અધિકારીઓ બની ગયા છે. એક અધિકારીઓ એવા છે જે પોતાના જીવના જોખમે પણ ગુજરાતના લોકોને સલામત રાખવાનું કામ કરે છે અને આવા અધિકારીઓને અમે સલામ કરીએ છીએ. પરંતુ બીજા પ્રકારના અધિકારીઓ નીતિ નિયમ અને કાયદા કાનૂનની સાથે સાથે બંધારણને પણ માનતા નથી, એ લોકો "ઉપરથી સૂચના છે" એવા જવાબો આપે છે. મેં મારું પોતાનું ઉદાહરણ પણ આપ્યું હતું અને જે એટીવીટીની મિટિંગમાં જે ઘટના ઘટી તે કેસ મુદ્દે જ્યારે અમે સવાલ કરીએ છીએ કે "તપાસ ક્યાં સુધી પહોંચી?" તો અમને એક જ જવાબ મળે છે કે "તપાસ ચાલુ છે." બીજી બાજુ મને બપોરના ૨:૦૦ વાગે નર્મદા જિલ્લાના એલસીબી, એસઓજી અને ડીવાયએસપી સહિતના લોકોએ એક ધારાસભ્ય હોવા છતાં પણ કોઈ પણ પ્રકારના વોરંટ વગર અરેસ્ટ કરવામાં આવ્યો અને એ લોકોએ કહ્યું કે "અમારે કોઈ વોરંટની જરૂરત નથી, અમારી પાસે પાવર છે અને ઉપરથી અમને સુચના છે" એમ કહીને બાદમાં એક કેસ બનાવવામાં આવ્યો અને મારા પર એફઆઈઆર કરવામાં આવી. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, એક ધારાસભ્યને બે વાગે અરેસ્ટ કરવામાં આવે અને સાંજે ૦૭:૦૦ વાગે ફરિયાદ દાખલ કરવામાં આવે તો પછી એક સામાન્ય જનતા સાથે શું થતું હશે? ગુજરાતમાં પોલીસ બે પ્રકારે કામ કરે છે. જો તમે પક્ષમાં રહેશો તો તમારા પર કોઈ કાનૂન કાયદા નિયમ લાગુ નહીં પડે અને જો તમે વિપક્ષમાં રહેશો તો તમે ધરણા, આંદોલનની શાંતિથી વાત કરવાની પણ રજૂઆત કરશો, તો પોલીસ તમને ટીંગાટોળી કરીને લઈ જશે અને તમારા પર ૧૪૪ સહિતના ગુનાઓ દાખલ કરવામાં આવશે, અને વિપક્ષના ધારાસભ્ય હોય કે કોઈ પણ હોય તેમના પર ખોટા કેસો કરવામાં આવે છે. સત્તામાં બેસેલા લોકો પોલીસનો દુરુપયોગ કરે છે એ ગુજરાતની જનતા માટે ચિંતાનો વિષય છે. પોલીસ જે પ્રકારે વર્તી રહી છે તેના માટે અમે ગૃહમાં વાત કરી છે. મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવા આપણા દેશના ક્રાંતિકારીઓએ જેલમાં જઈને આપણા દેશને આઝાદી અપાવી છે. ભગવાન બિરસા મુંડાએ પણ ૨૫ વર્ષની ઉંમરમાં શહીદી વહોરી હતી. તો અમે લોકો પણ જેલમાં જવાથી ડરતા નથી પરંતુ અમને ડરાવવા ધમકાવવા માટે ખોટી FIR કરવામાં આવે છે અને ખોટી રીતે જેલોમાં નાખવામાં આવે છે અને ખોટા સોગંદનામાં કરીને અમને અમારા પોતાના વિસ્તારમાં જવાથી રોકવામાં આવે છે, જે લોકશાહીનું હનન છે. જે પ્રકારે વિપક્ષ સરકારની આલોચના કરે તો તેને દબાવવા માટે ખાખીની આડમાં જે પ્રયાસો થાય છે એ ચિંતાનો વિષય છે.

# ૭૫૦ કરોડના ખર્ચે બનેલી અમદાવાદની એસવીપી હોસ્પીટલ ફરી ચર્ચામાંઃ છેલ્લા ૪ વરસમાં ૪,૯૦૪ દર્દીઓના મોત થી ઉઠયા સવાલો

### આઈસીયુમાં છેલ્લા ૪ વરસમાં ૧૯,૭૯૦ દર્દીઓ દાખલ કરાયા હતાઃ હોસ્પીટલ જુનીયર ડોકટરોના ભરોસે ચાલતી હોવાનો આક્ષેપ




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં એક સમય એવો હતો જયારે વીએસ હોસ્પીટલ ગરીબ અને મધ્યવર્ગના દર્દીઓ માટે આશીર્વાદ સમાન માનવામાં આવતી હતી. પરંતુ સમય જતાં શહેરની આરોગ્ય વ્યવસ્થામાં મોટા ફેરફારો થયા અને ૨૦૧૯ માં લગભગ ૭૫૦ કરોડ ના ખર્ચે એસવીપી હોસ્પીટલનુ નિર્માણ કરવામાં આવ્યુ,

આ ૧૭ માળ ની આધુનિક હોસ્પીટલને શહેરના આરોગ્ય ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોજના તરીકે રજુ કરવામાં આવી હતી અને સત્તાધારી ભાજપે તેને ખાસ પ્રધાન્ય આપ્યુ હતું. પરંતુ છેલ્લા કેટલાક સમયથી એસવીપી હોસ્પીટલ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવી છે. ખાસ કરીને હોસ્પીટલના ઈન્સેન્ટિવ કેર યુનિટ (આઈસીયુ) વિભાગમાં દર્દીઓના મોત ના આંકડાઓને લઈને અનેક સવાલો ઉભા થયા છે. મળતી માહિતી મુજબ છેલ્લા ૪ વરસમાં આઈસીયુમાં દાખલ થયેલા કુલ ૧૯,૭૯૦ દર્દીઓમાંથી ૪,૯૦૪ દર્દીઓના મૃત્યુ નોંધાયા છે. આ આંકડાઓ બહાર આવ્યા બાદ હોસ્પીટલમાં સારવાર અને સંચાલન અંગે ચર્ચા શરૂ થઈ છે. હોસ્પીટલના જવાબદાર તબીબી અધિકારીએ પણ મીડીયા સાથેની વાતચીતમાં સ્વીકાર્યુ હતુ કે આઈસીયુમાં દાખલ થતા દર્દીઓમાં મૃત્યુદર વધુ જોવા મળે છે. દરમિયાન ક્ષિતાશા સોની નામની એક યુવતીએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે જયારે તેમની માતા હોસ્પીટલમાં સારવાર લઈ રહી હતી ત્યારે મોટા ભાગે જુનીયર ડોકટરોના ભરોસે ચાલી રહ્યુ હતું. એસવીપી હોસ્પીટલ શરૂ થયાના સમયથી જ કોઈને કોઈ કારણસર વિવાદોમાં આવતી રહી છે. છતાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના વહિવટી અધિકારીઓ તેમજ વિવિધ રાજકીય પક્ષોના કોર્પોરેટરો પર આરોપ છે કે તેઓએ દર્દીઓની સમસ્યાઓ કરતા પોતાનો લાભ વધુ મહત્વનો માન્યો છે. મ્યુનિસીપલ કોર્પોરેશનના અધિકારીઓ, નિવૃત્ત પેન્શનરો તેમજ ભાજપ અને કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટરોને એસવીપી હોસ્પીટલમાં આજીવન મફત સારવાર મળે તેવી વિવાદાસ્પદ દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી. શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે બનેલી આ હોસ્પીટલમાં પહેલા તેમની સુવિધા અને સુરક્ષા મહત્વની હોવી જોઈએ. પરંતુ આવી નીતિઓને કારણે સામાન્ય લોકોમાં અસમાનતાની લાગણી ઉભી થઈ છે તેવુ લોકો માને છે. હોસ્પીટલના આઈસીયુમાં મૃત્યુદર લગભગ ૬.૫ ટકા હોવાનુ કહેવાય છે, આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાંતો માને છે કે આવા આંકડાઓ તંત્ર અને ભાજપ સરકાર માટે ગંભીર ચેતવણી સમાન છે.

**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

**ઈ-ટેન્ડર સૂચના**

ટેન્ડર નંબરઃ EL/TRD/58/ 2x25/EPC-PSI/01, તારીખઃ 10.03.2026. કામનું નામઃ પશ્ચિમ રેલ્વેના રતલામ વિભાગના ગોધરા-રતલામ વિભાગ વચ્ચે 2x25KV ફીડિંગ સિસ્ટમ માટે 132/55KV સ્કોટ કનેક્ટેડ ટ્રેક્શન સબસ્ટેશન અને સ્વિચિંગ પોસ્ટ્સની ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમતઃ રૂ. 146,06,00,000/-. અર્નેસ્ટ મની ડિપોઝિટ/બિડ સિક્યોરિટીઃ રૂ. 74,53,000/-. પૂર્ણતા સમયગાળોઃ 24 મહિના. ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ નથી . સમાપ્તિ તારીખ અને સમયઃ તા. 25.03.2026 ના 15:00 કલાક ને બદલે તા. 10.04.2026 ના 15:00 કલાક સુધી. ટેકનિકલ બિડ્સ ખોલવાની તા. 06.04.2026 ના 15:30 કલાક ના બદલે તા. 21.04.2026 ના બપોરે 15:30 સુધી. ઓફરની માન્યતાઃ ખુલવાની તારીખથી 180 દિવસ. વેબસાઇટ વિગતોઃ www.ireps.gov.in નોટિસ બોર્ડ સ્થાનઃ સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન)ની ઓફિસની સામે , પશ્ચિમ રેલ્વે, રતલામ-457001. DE/13/1/503

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

# ખેરાલુમાં અબોલ જીવો પર એસિડ ફેકાયું, દાઝેલા પશુઓની હાલત હજુ પણ નાજુક

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

ખેરાલુમાં માનવતાને શરમાવતી એક ક્રૂર ઘટના સામે આવી છે. શહેરમાં અજાણ્યા શખ્સોએ એક ગાય અને એક આખલા પર એસિડ ફેંકી જીવલેણ હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે. આ ઘટનાને કારણે જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.માહિતી મુજબ ૭ માર્ચ ૨૦૨૬ના રોજ કોઈ અજાણ્યા અને ક્રૂર શખ્સો દ્વારા એક ગાય અને એક આખલા પર એસિડ ફેંકવામાં આવ્યું હતું. એસિડના કારણે બંને અબોલ જીવો ગંભીર રીતે દાઝી ગયા હતા અને છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય પીડા ભોગવી રહ્યા છે. હાલ તેમની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

આ ઘટના સામે આવતા જીવદયા પ્રેમીઓ અને સ્થાનિક લોકોએ વિરોધ વ્યક્ત કર્યો હતો. શહેરમાં રેલી યોજી આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે નારા લગાવવામાં આવ્યા હતા. આ મામલે ખેરાલુના રહીશ ચિરાગ સુરેશભાઈ ડબગર સહિત જીવદયા પ્રેમીઓ દ્વારા ખેરાલુ નગરપાલિકા, મામલતદાર અને પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. રજુઆતમાં ઈજાગ્રસ્ત પશુઓને તાત્કાલિક સારવાર અપાવવા માટે સરકારી પશુ ચિકિત્સક દ્વારા તાકીદે મેડિકલ સારવાર આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સાથે સાથે સારવાર બાદ પશુઓને વધુ દેખરેખ માટે નજીકની સરકારી ગૌશાળા અથવા પાંજરાપોળમાં ખસેડવાની પણ રજૂઆત કરવામાં આવી છે. જીવદયા પ્રેમીઓએ આ અમાનવીય કૃત્ય કરનાર અસામાજિક તત્વો સામે કડકમાં કડક પગલાં લેવા માંગ કરી છે.

# જો સરકાર સંચાલિત હોસ્પિટલોમાં જવાબદારીપૂર્વક દર્દીઓની સારવાર કરવામાં આવતી હોય તો સ્લમ વિસ્તારોમાં હાટડીઓ ખોલીને બેઠેલા ઝોલાંછાપ ડોકટરો પાસે ગરીબ દર્દીઓને જવાની જરૂર જ ઊભી ના થાય

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના વિવિધ વિસ્તારો જેવા કે ઉધના, ભેસ્તાન, ઉન, પાંડેસરા, લિંબાયત, ડિંડોલી,ગોડાદરા, કવાસ, હજીરા, મોરા વિગેરે વિસ્તારોમાં મોટાભાગે ઔધોગિક કારખાના, ડાઈનીંગ હાઉસમાં કામ કરતાં મજુર અને કારીગર વર્ગ મોટી સંખ્યામાં રહે છે. અને આવા મજુર કારીગરો બીમાર પડે ત્યારે મોટા ભાગે સિવિલ હોસ્પિટલ કે સ્મીમેર હોસ્પિટલ જતાં હોય છે. પરંતુ ત્યાં તેઓને હડધૂત કરવામાં આવતા હોય અને પૂરતી અને સસ્તી સારવાર ના મળતી હોવાના કારણે તેઓએ જે તે વિસ્તારમાં આવેલા ડિગ્રી વગરના ઝોલાંછાપ ડોકટરો પાસે જવાની ફરજ પડે છે. આવા લેભાગુ ડિગ્રી વગરના ડોકટરો દર્દીઓને એકસ્પાયરી ડેટની દવા પણ આપતા હોય છે. તેની દર્દીઓને કોઈ ખબર હોતી નથી અને ડોકટરોને પણ ખબર હોતી નથી. આમ આ વિસ્તારોમાં ડિગ્રી વગરના ઝોલાંછાપ એવા બોગસ ડોકટરોનો રાફડો ફાટેલ છે. સુરત શહેરના સણીયા વિસ્તારમાં બે વિધાર્થીનીઓએ ઈન્જેકશન લઈ સુસાઈડ કરેલ છે. અને આ વિધાર્થીનીઓના આપઘાતથી સુરત શહેરમાં હડકંપ મચી ગયેલ છે. આ ઈન્જેકશન આ વિધાર્થીનીઓ પાસે આવ્યા ક્યાંથી? કયા મેડિકલ સ્ટોરવાળાએ આ ઈન્જેકશન આ માસુમ બાળાઓને આપ્યા તેની તપાસ થવી જોઈએ. ઉન,ભેસ્તાન,પાંડેસરા, સચીન, લિંબાયત, ઉધના, પિયુષ પોઈન્ટ વિગેરે વિસ્તારોમાં મેડિકલ સ્ટોર આડેધડ ખોલવામાં આવ્યા છે. આવા મેડિકલ સ્ટોર ખોલવા માટે કેટલાક પૈસાવાળા રોકાણ કરતાં હોય છે. અને મેડિકલ સ્ટોર ચલાવવામાં માટે લાયકાત ધરાવતા ફાર્માસીસ્ટની જરૂરિયાત રહેતી હોવા છતાં મેડિકલ સ્ટોરમાં ૦૮ થી ૧૦ ચોપડી ભણેલા કર્મચારીઓ કામગીરી કરતાં હોય છે. અને આવા કર્મચારીઓ ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વગર દવાઓ આપી દેતા હોય છે. આમ મેડિકલ સ્ટોર ચલાવનારા પણ ડિગ્રી અને લાયકાત વગરના હોય છે. બોગસ ડોકટરો આવા મેડિકલ સ્ટોરવાળાને પ્રોત્સાહિત કરતાં હોય છે. સણીયામાં વિધાર્થીનીઓએ ઈન્જેકશન લઈ આપઘાત કર્યોએ સરકારી તંત્ર માટે એક ગંભીર બનાવ છે. આડેધડ ખુલતાં મેડિકલ સ્ટોરની મંજૂરી આપનાર અધિકારીઓએ ક્યારેય મેડિકલ સ્ટોરની મુલાકાત લીધી છે ખરી? માત્ર દિવાળી અને હોળી જેવા વાર-તહેવારોએ આ અધિકારીઓ કવર લેવા જતાં હોય છે.આવા મેડિકલ સ્ટોરમાં સીરપનું વધુ વેચાણ થતું હોય છે. અને મજૂરીયાત લોકો આ સીરપ અને નશાની ગોળીઓ આવા સ્ટોરમાંથીજ ખરીદતા હોય છે. સરકારી હોસ્પિટલ અને સરકારી અધિકારીઓ પૂરતી તકેદારી રાખે તો મેડિકલ સ્ટોરમાં કામ કરતાં લાયકાત વગરના અનેક કર્મચારીઓને પકડી પાડી મેડિકલ સ્ટોર બંધ કરાવી શકે. દૈનિક ન્યૂઝલાઈન સીધા સમાચાર ગુજરાતીના ફોટોગ્રાફર અને દૈનિક ગરવી ગુજરાત હિન્દી ની ટીમ ઝોન વિસ્તાર માં ફરી આવા લાયકાત વગરના ડોકટરો અને લાયકાત વગરના ફાર્માસીસ્ટ વગર ચાલતા મેડિકલ સ્ટોર્સ બંધ કરાવવા માહિતી એકત્ર કરીને તમામ ફોટોગ્રાફ અને વિડીયો પુરાવાઓ સાથે આરોગ્ય મંત્રીની રૂબરૂ મુલાકાત લઈ માહેતગાર કરી આ બાબતે ઘટતું કરવા અપીલ કરવામાં આવશે. સરકારી હોસ્પિટલોમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ છતાં દવાના ફાંફા હોય ગરીબ દર્દીઓએ દવા બહારથી ખરીદવી પડતી હોય આવા સંજોગોમાં સરકારી હોસ્પિટલોમાં જામી પડેલા અધિકારીઓને છૂટા કરવા જોઈએ.

# આ ભાઈના મોંમાં બત્રીસી નહીં બેતાલીસી છે



(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

માણસના મોંમાં સામાન્ય રીતે ૩૨ દાંત હોય છે. જ્યારથી આપણે રાંધેલું ખાતા થઈ ગયા એ પછી ઉત્ક્રાંતિને કારણે એ દાંતોમાં ઘટાડો થઈ રહ્યો છે.અને પૂરેપૂરા ૩૨ સ્વસ્થ દાંત હોય એવા માણસો મળવાનું પણ હવે ઘટી ગયું છે. ત્યારે મલેશિયાના પ્રથાબ મુનિયાંડી નામના ભાઈના મોંમાં બત્રીસી કરતાય વધુ દાંત છે.

ઓઈલ એન્ડ ગેસ ઈન્ડસ્ટ્રીમાં એન્જિનિયર તરીકે કામ કરતાં ૩૩ વર્ષના પ્રથાબ ને હજી છેક ૨૦૨૧ માં જ ખબર પડી હતી કે તેના મોંમાં સામાન્ય કરતાં વધુ દાંત છે. તેણે પોતાના દાંત ગણ્યા તો એ ૩૮ હતા. સ્વાભાવિક છે આટલા બધા દાંત જોઈને તેને નવાઈ લાગી. જોકે એમાં વળી તેને પેઢામાં દુઃખાવો થવાનું શરૂ થયું.

પ્રથાબભાઈને થયું કે એક વાર બેઝિક ચેકઅપ કરાવી લેવું સારું તો ડેન્ટિસ્ટે એકસરે કરીને કહ્યુંકે તેમને જે દુઃખાવો થઈ રહ્યો છે એ ચાર નવા દાંત ઊગી રહ્યા છે. એને કારણે છે નવાઈની વાત એ છે કે થોડા સમયમાં એ દાંત પણ ઊગી નીકળ્યા અને હવે તેમના મોંમાં દાંતોની સંખ્યા કુલ ૪૨ થઈ ગઈ છે. પ્રથાબનું કહેવું છે કે કોઈને એમ જ નથી ખબર પડતી કે તેના મોંમા ૪૨ દાંત છે. કેમકે બહારથી દેખાતા દાંતની ગોઠવણી ગીચ હોવા છતાં સુરેખ છે. આ અનોખી કુદરતી દેણ માટે થોડા સમય પહેલા જ પ્રથાબનું નામ સૌથી વધુ દાંત ધરાવતી વ્યક્તિ તરીકે ગિનેસ વર્લ્ડ રેકોર્ડસમાં નોંધાયું છે.

# વિધાનસભામાં ૮ પાસ મુદ્દો ઉછળ્યો: ગોપાલ ઈટાલીયા પર જીતુ વાઘાણી અને હર્ષ સંઘવીની ટકોર

## હર્ષ સંઘવીનો ધારદાર કટાક્ષઃ શું એલએલબીમાં જુતુ મારવાનુ શિખવાડે છે?: જીતુ વાઘાણીનો ભાવનાત્મક પલટવાર



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન ગૃહમાં અવાર નવાર નેતાઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ જોવા મળતુ હોય છે. પરંતુ આજે બુધવારે ગૃહનુ વાતાવરણ ત્યારે અચાનક ગરમાયુ જયારે ચર્ચાનો મુદ્દો લોકોના પ્રશ્નોથી ભટકીને નેતાઓની શૈક્ષણિક લાયકાત એટલે કે ભણતર પર પહોચી ગયો. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયા અને સત્તાધારી પક્ષ ભાજપના નેતાઓ વચ્ચે ધોરણ ૮ પાસ અને કોલેજની ડીગ્રીના મુદ્દે ભારે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

આ ચર્ચામાં શિક્ષણના અહંકાર સામે રાજકીય સંસ્કારો અને અનુભવી વાતોએ જોર પકડયુ હતું. સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જયારે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ગૃહમાં પોતાના શિક્ષણને લઈને એક નિવેદન આપતા તેમણે અત્યંત ગર્વ ભેર અને થોડા આક્રમક અંદાજમાં કહ્યુ હતુ કે હું ગ્રેજયુએટ છુ, મેં માત્ર સામાન્ય અભ્યાસ નથી કર્યો, પરંતુ હું બીએ એલએલબી સુધી ભણેલો છુ, મને મારા ભણતર પર ગર્વ છે, અને હું કઈ ૮ પાસ નથી, તેમનો સીધો આ ઈશારો કોની તરફ હતો તે સ્પષ્ટ ન હોવા છતાં આ નિવેદનને સત્તાધારી પક્ષના નેતાઓ રોષે ભરાયા હતા.

ગોપાલ ઈટાલીયાના આ ડીગ્રીના ગર્વ વાળા નિવેદનનો ભાજપના નેતા જીતુ વાઘાણીએ જડબાતોડ જવાબ આપ્યો હતો. વાઘાણીએ ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી અને પાટીદાર સમાજના દિગ્ગજ નેતા સ્વ. કેશુભાઈ પટેલ ના ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે આપણા કેશુબાપા માત્ર ૪ ચોપડી જ ભણેલા હતા, તેમનુ વિઝન મોટુ હતુ, વાઘાણીએ ઈટાલીયાને ભુતકાળ યાદ દેવડાવતા ચોખ્ખુ સંભળાવી દીધુ હતુ કે જયારે ગોપાલ ઈટાલીયાને રાજકારણમાં પોતાનુ સ્થાન જમાવવાની જરૂર પડી, ત્યારે તેઓ જઈને આ જ ૪ પાસ કેશુબાપાના ચરણોમાં પડી તેમના આશીર્વાદ લેવા ગયા હતા, ત્યારે કેશુબાપા ઓછુ ભણ્યા હતા, તેમાં તેમને કોઈ જ વાંધો ન હતો આવ્યો. તો આજે આ ૮ પાસનુ મહેણું શાં માટે ?

આ શાબ્દિક યુદ્ધમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ઝંપલાવ્યુ અને ગોપાલ ઈટાલીયા પર આકરા પ્રહાર કર્યા હતા. સંઘવીએ ઈટાલીયાના કાયદાના અભ્યાસ પર સવાલ ઉઠાવતા કહ્યુ હતુ કે ગૃહમાં આજે અમુક કહેવાતા ભણેલા ગણેલા લોકો બેઠા છે, આ ગ્રેજયુએટ અને બીએ, એલએલબી થયેલા સભ્યોના સીલેબસ માં શું આવતુ હશે તે જ મોટો સવાલ છે, શું એલએલબીના કોઈ પુસ્તકમાં એવુ લખ્યુ છે કે કોઈની પર જુતુ મારવુ જોઈએ ? હર્ષ સંઘવીએ કાયદાના શાસનની વાત કરતા ઉમેર્યુ કે જયારે તમે પોતે કાયદાની વાતો કરતા હોવ , ત્યારે કોઈ વ્યકિત પર જુતુ તો ન જ ફેંકાય, અંતમાં તેમણે આમ આદમી પાર્ટીની નેતાગીરી પર સીધો પ્રહાર કરતા ટોણો માર્યો હતો કે ગૃહમાં મુળ મુદ્દાને કઈ રીતે ડાયવર્ટ કરવો અને ચર્ચાને કઈ રીતે ભટકાવવી તેની સ્પેશ્યલ ટ્રેનીંગ કદાચ તેમને દિલ્હી થી જ મળતી લાગે છે.

# આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાને ભલે સ્વતંત્ર હવાલો મળ્યો હોય પરંતુ મંત્રી ની કયાંક નારાજગી?

## નેશનલ હેલ્થ મિશનની ભરતી ખોરંભે પડી છે તો બીજી તરફ અધિકારીઓની બદલી બઢતીમાં પણ થઈ રહ્યો છે વિલંબ



પ્રતિનિધિ,ગાંધીનગર

આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાને નવનિયુકત મંત્રી મંડળમાં શિક્ષણ વિભાગનો હવાલો લઈ આરોગ્ય વિભાગનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો છે ત્યારથી મંત્રી પ્રફુલ પાનસેરીયા નારાજ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

આરોગ્ય મંત્રી પેઈન દુઃખાવવામાં લાંબો સમય આરામ કર્યા બાદ રાબેતા મુજબ માત્ર ને માત્ર વિધાનસભા હાઉસમાં જ જતા જોવા મળે છે. બહુ દિવસ બાદ ગઈ કાલે મંગળવારે મંત્રી પ્રફુલ પાનસેરીયા વિધાનસભામાં તેમની ચેમ્બરમાં જોવા મળ્યા હતા. પરંતુ તેમના ચહેરા અને શબ્દો ઉપરથી કયાંક ને કયાંક નારાજગી હોય તેવુ જોવા મળ્યુ હતું. શિક્ષણ વિભાગની કામગીરીમાં જે અગાઉ ઉત્સાહ હતો તેવો ઉત્સાહ હાલમાં આરોગ્ય વિભાગમાં જોવા મળતો નથી. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાની પારદર્શક છબી અને નિષ્ઠાપૂર્વક કામ કરનારા ભુપેન્દ્ર પટેલની સરકારના એક મંત્રી કહેવાય છે. આરોગ્ય વિભાગમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોય તે તેમને બિલકુલ પસંદ નથી. ત્યારે કયાંક ને કયાંક કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ ને મંત્રી પ્રફુલ પાનસેરીયાની કામગીરી પસંદ ન હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. વિભાગની કામગીરીમાં વિલંબ થાય તેમાં સહેજ પણ ચલાવી ન લેનારા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા નારાજ રહે તે પાર્ટી અને સરકારને પોષાય તેમ નથી. જેથી સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે મંત્રી પ્રફુલ પાનસેરીયાની નારાજગી દુર કરવામાં આવે તેવી તેમના ચાહકોની માંગ ઉઠવા પામી છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથે મુલાકાતઃ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ વિશે થઈ ચર્ચા



પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઈ કાલે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. બંને નેતા વચ્ચેની મુલાકાતની તસવીર વડાપ્રધાન કાર્યાલય દ્વારા સોશીયલ મીડીયા પર શેર કરવામાં આવી હતી. ચર્ચાની વિગતો સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી ન હતી. આ મુલાકાત એવા સમયે થઈ છે જયારે રાજયમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પહેલા ગુજરાતમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સંગઠનાત્મક આયોજન અને ચુંટણી તૈયારીઓ અંગે ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ સાથે ચર્ચા કરવા માટે દિલ્હી ગયા હતા. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં રાજયભરની મ્યુનિસીપલ કોર્પોરેશનો , નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોને આવરી લેવાની અપેક્ષા છે. ચુંટણીમાં અનેક નવા રચાયેલા મ્યુનિસીપલ કોર્પોરેશનોનો પણ સમાવેશ થશે અને સુધારેલી અનામત નીતિઓ અને બેઠકોના પરીભ્રમણને કારણે તેમાં ફેરફારો થવાની સંભાવના છે. રાજકીય પક્ષોએ ચુંટણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપે ઘણા જિલ્લાઓ અને શહેરોમાં સંગઠનાત્મક પુનર્ગઠન હાથ ધર્યુ છે. ચુંટણી પહેલા તેના પાયાના નેટવર્કને મજબુત કરવા માટે નવી નેતૃત્વ ટીમોની નિમણુંક કરી છે.

વિપક્ષી પક્ષોએ પણ તૈયારીઓ તેજ કરી દીધી છે. આગામી સ્પર્ધા માટે સમિતિઓ અને ઉમેદવાર પસંદગી પ્રક્રિયાઓ ગોઠવવામાં આવી છે. ગયા અઠવાડીયે કોંગ્રેસે રાજયમાં ચુંટણીના દરેક પાસાની દેખરેખ માટે ૭ સમિતિઓની જાહેરાત કરી હતી. જયારે આમ આદમી પાર્ટી રાજયના અનેક જિલ્લાઓમાં રેલીઓનુ આયોજન કરી રહી છે. તો બીજી તરફ કેટલાક ભાજપના નેતાઓની નારાજગી પણ મહત્વનુ પરીબળ ભજવી શકે છે.

# ભાવનગરમાં કોંગ્રેસનો નવતર કાર્યક્રમ : મહાનગરપાલિકાનુ ગંગાજળ અને ગૌમુત્ર થી શુધ્ધિકરણ



પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગર મહાનગર પાલિકાના શાસકોની મુદત પૂર્ણ થવાના છેલ્લા દિવસે શહેર કોંગ્રેસ દ્વારા અનોખો અને ચર્ચાસ્પદ વિરોધ કાર્યક્રમ યોજાયો હતો. શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલના નેતૃત્વમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ભુદેવોની ઉપસ્થિતિમાં ગંગાજળ અને ગૌમુત્ર છાંટીને મહાનગરપાલિકાનુ પ્રતિકાત્મક શુધ્ધિકરણ કર્યુ હતું.

આ પ્રસંગે ભાવનગર શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલ અને વિરોધ પક્ષ નેતા જીતુભાઈ સોલંકીએ ભાજપના શાસન પર આકરા આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે છેલ્લા કેટલાક વરસોમાં મહાનગરપાલિકામાં થયેલા અનેક વિકાસ કામોમાં ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. રોડ ના કોન્ટ્રાકટ થી લઈને લીઝ પટ્ટા સહિતના અનેક કામોમાં ગેરરીતીઓ થઈ હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના જણાવ્યા મુજબ વર્તમાન કોર્પોરેટરોનો કાર્યકાળ પૂર્ણ થવાના દિવસે આ કાર્યક્રમ પ્રતિકાત્મક રીતે કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના આગેવાનોના મત મુજબ શહેરના વિકાસના નામે મોટા દાવા કરવામાં આવ્યા , પરંતુ વાસ્તવમાં શહેરના સામાન્ય નાગરીકોના પ્રશ્નો અને સુખાકારી ને પ્રાથમિકતા આપવામાં આવી નથી, કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ જણાવ્યુ હતુ કે મહાનગરપાલિકા ભ્રષ્ટાચારના કથિત દાગ થી દુષિત બની ગઈ છે અને તેને પવિત્ર બનાવવા માટે ગંગાજળ અને ગૌમુત્ર થી શુધ્ધિકરણ કરવાનો આ પ્રતિકાત્મક પ્રયાસ કરવામાં આવ્યો છે.

# શું ગુજરાતમાં ગેસ ના બાટલા ખુટી ગયા ? અમદાવાદ, વડોદરા અને સુરતમાં સ્થિતિ સ્ફોટકઃ નો સ્ટોક ના પાટીયા લાગ્યા




પ્રતિનિધિ,ગાંધીનગર

એક તરફ સરકાર દેશમાં એલપીજીનો પુરતો સ્ટોક હોવાની ખાત્રી આપી રહી છે, તો બીજી તરફ રાજયના મુખ્ય શહેરોમાં રાંધણ ગેસના બોટલ માટે હાહાકાર મચી ગયો છે. ઈઝરાયેલ-ઈરાન અને અમેરીકા વચ્ચે વધતા યુદ્ધના તણાવની અસર હવે સીધી ગુજરાતીઓના રસોડા સુધી પહોચી છે. અછતના ડર ને કારણે લોકો ગેસ એજન્સીઓ પર ઉમટી પડયા છે. જેના કારણે કયાંક મારામારી તો કયાંક હોટલો બંધ થવાની નોબત આવી છે. વડોદરાના પાણી ગેટ વિસ્તારમાં આવેલી ગાયત્રી ભારત ગેસ એજન્સી ખાતે આજે બુધવારે વહેલી સવાર થી જ ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી હતી. ઓનલાઈન બુકીંગ બંધ હોવાથી લોકો ધોમધખતા તાપમાં કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબુર બન્યા હતા. કલાકોની પ્રતિક્ષા બાદ ધીરજ ખુટતા ગ્રાહકો અંદરોઅંદર બાખડયા હોવાના પણ દ્રશ્યો જોવા મળ્યા હતા. અનેક ઘરોમાં ગેસ ન હોવાથી રસોઈ નથી બની રહી, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

અમદાવાદમાં પણ સ્થિતિ કંઈક આવી જ છે. ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને કારણે આગામી સમયમાં ગેસની કટોકટી સર્જાશે તેવા ડર થી લોકો એજન્સીઓ પર ઉમટી પડયા છે. જય જયોતિ ગેસ એજન્સીના મેનેજર નિત્યાન્દુ જોષીના જણાવ્યા અનુસાર એજન્સી પાસે હાલ દોઢ દિવસનો પર્યાપ્ત જથ્થો છે. કંપની (ડેપો) પાસે ૧૫ દિવસનો સ્ટોક ઉપલબ્ધ છે. તેમણે ગ્રાહકોને અપીલ કરી છે કે ખોટો ડર રાખીને ગેસ નો સ્ટોક ન કરે, તો બીજી તરફ સુરતમાં પણ ગેસની અછતે વેપારીઓની કમર તોડી નાખી છે. ગેસ ન મળતા અનેક નાની હોટલો અને રેસ્ટોરન્ટ બંધ કરવાની ફરજ પડી છે. ૧૦૦ થી ૧૫૦ લોકોનુ ભોજન બનાવતી રેસ્ટોરન્ટ ગેસ વગર બંધ પડી છે. સ્ટાફને રજા આપી દેવામાં આવી છે. એવી ફરીયાદો ઉઠી છે કે બજારમાં ગેસનો બોટલ ૫ હજાર રૂપીયા સુધીના ઉંચા ભાવે વેચાઈ રહ્યો છે. જે મધ્યમવર્ગને પોસાય તેમ નથી. ડીલરો દ્વારા ૨૫ માર્ચ પછી તપાસ કરવાનુ કહેવામાં આવતા લોકોની ચિંતા વધી ગઈ છે.

મહત્વનુ છે કે સરકાર એકબાજુ પુરવઠો હોવાનો દાવો કરે છે તો બીજી તરફ એજન્સીઓએ નો સ્ટોક ના પાટીયા કેમ માર્યા છે ? શું એજન્સીઓ જાણી જોઈને પાછલા બારણે રમત રમી રહી છે ? શું અછત ઉભી કરીને સંગ્રહખોરી દ્વારા કાળો બજાર કરવામાં આવી રહ્યો છે ? તંત્ર દ્વારા આ સ્થિતિને કાબુમાં લેવા માટે કોઈ નકકર પગલા કેમ નથી લેવાઈ રહ્યા ? હાલમાં રાજયમાં રસોડામાં શાંતિ છવાઈ ગઈ છે. કારણ કે ચુલા સળગાવવા માટે ગેસ નથી, પરંતુ ગેસ એજન્સીઓ પર લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોચી રહ્યો છે. જો આગામી દિવસોમાં પુરવઠો નિયમિત નહી થાય તો સ્થિતિ વધુ સ્ફોટક બની શકે છે.

# પાર્ટી માટે લોહી પરસેવો પાડયો અને બદલામાં ગદ્દારનુ લેબલ મળ્યું : રાજુ કરપડાનુ સ્ફોટક નિવેદન




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ બાદ શાંત દેખાતા રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આમ આદમી પાર્ટીમાંથી રાજીનામુ આપ્યા બાદ ગુજરાતના જાણીતા ખેડુત નેતા રાજુ કરપડાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને પક્ષના નેતૃત્વ, ખાસ કરીને ગોપાલ ઈટાલીયા સામે ગંભીર આક્ષેપો કરીને હડકંપ મચાવી દીધો હતો. કરપડાએ પાર્ટી પર ખેડુતોનો રાજકીય ઉપયોગ કરવાનો અને આંતરીક જુથબંધીનો આરોપ લગાવ્યો હતો.

સૌથી ચોંકાવનારો આક્ષેપ કરતા રાજુ કરપડાએ કહ્યુ હતુ કે ખેડુતો અને મને લાંબો સમય જેલમાં રાખવા માટે પક્ષ દ્વારા જ ષડયંત્ર રચાયુ હતું. ૨૭ ઓકટોબરે ખેડુતો છુટી શકે તેમ હતા પરંતુ આમ આદમી પાર્ટીના વકીલ જાણી જોઈને હાજર રહ્યા ન હતા, ૩૧ ઓકટોબર ના કેજરીવાલના કાર્યક્રમમાં સહાનુભુતિ મેળવવા માટે અમને જેલમાં રખાયા અને બાદમાં વેકેશન પડી જતા અમારે લાંબો સમય જેલ ભોગવવી પડી, તેમણે વધુમાં ઉમેર્યુ કે ઈસુદાન ગઢવી પ્રદેશ પ્રમુખ બન્યા પછી ગોપાલ ઈટાલીયા ૧૧ મહિના સુધી પક્ષના કાર્યક્રોમાંથી કેમ દુર રહ્યા ? ગોપાલ ઈટાલીયા પ્રયત્ન કરે છે કે ગુજરાતના અન્ય કોઈ નેતા કેજરીવાલ ની નજીક ન પહોચે , મારી સામે ૪ કેસ થયા, જયારે ઈટાલીયા કે મનોજ સોરઠીયા સામે કેમ કોઈ કેસ નથી ? રાજુ કરપડાએ ભારે હૈયે જણાવ્યુ હતુ કે મેં જયારે ખેડુતોના હિત માટે પક્ષ છોડયો ત્યારે તેની માત્ર ૨૦ જ મીનીટમાં મને ગદ્દાર જાહેર કરી દેવામાં આવ્યો હતો. મેં વિસાવદરમાં ગોપાલ ઈટાલીયાને જીતાડવા માટે રાત દિવસ મહેનત કરી હતી, બદલામાં પક્ષના એક બે નેતાઓએ મને બદનામ કરવાનુ જ કામ કર્યુ છે.

કરપડાએ પક્ષની વિચારધારા પર સવાલ ઉઠાવતા પુછયુ હતુ કે જો આમ આદમી પાર્ટી ગુજરાતમાં ખેડુતોની દેવા માફીની માંગ કરે છે તો પંજાબમાં તેમની સરકાર હોવા છતાં દેવા માફી કેમ નથી કરતી ? પંજાબમાં ટેકાના ભાવ (એમએસપી) માંગતા ખેડુતો પર લાઠી ચાર્જ અને અત્યાચાર કેમ કરવામાં આવે છે ?

પક્ષના રાજકારણથી ઉપર ઉઠીને હવે રાજુ કરપડાએ ખેડુતો માટે મેદાને પડવાની જાહેરાત કરી છે. ૧૯ માર્ચ થી ૨૪ માર્ચ સુધી રાજયના તમામ જિલ્લાઓમાં ૫-૫ આગેવાનોની ટીમ બનાવી ખેડુતોને જાગૃત કરવામાં આવશે, આ કોઈ રાજકીય યાત્રા નથી, પરંતુ ખેડુતોનુ મજબુત સંગઠન બનાવવાનુ આયોજન છે. આ યાત્રાનો ખર્ચ કયા ખેડુતોએ આપ્યો છે તેનુ લીસ્ટ પર જાહેર કરવામાં આવશે. અંતે રાજુ કરપડાએ કહ્યુ હતુ કે તેઓ કયા પક્ષમાં જોડાશે અથવા રાજકારણમાં રહેશે કે નહી, તેનો નિર્ણય આ યાત્રા પૂર્ણ થયા બાદ જ લેવામાં આવશે. તેમણે અંતમાં વિશ્વાસ સાથે કહ્યુ હતુ કે મારૂ ભવિષ્ય ખેડુતોએ લખ્યુ છે અને ખેડુતોના દિલમાંથી મને કોઈ હટાવી શકશે નહી.

# અમદાવાદની ટ્રાવેલ્સ કંપનીમાં મૂકેલા પાર્સલમાં થયો ભેદી બ્લાસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા થોડા મહિનાઓથી શાળા, કોર્ટ, પોસ્ટ ઓફિસની કચેરીઓમાં બ્લાસ્ટ થવાના ધમકીભર્યા ઈમેલ મળી રહ્યા છે ત્યારે અમદાવાદમાં ખરેખર એક ભેદી ધડાકો થયો છે. અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી ટ્રાવેલ્સની ઓફિસમાં આવેલા એક પાર્સલમાં ભેદી ધડાકો થયો છે. જોકે, આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. પોલીસ અને ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરી હતી. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, શહેરના પાલડી વિસ્તારમાં અનેક ટ્રાવેલ્સની કંપનીઓ આવેલી છે. અહીં એક ટ્રાવેલ્સની કંપનીની બહારની બાજુએ અચાનક પાર્સલ બ્લાસ્ટ થયો છે. પાલડી વિસ્તારમાં આવેલી ટ્રાવેલ્સની ઓફિસમાં આવેલા એક પાર્સલમાં ભેદી ધડાકો થયો છે. જોકે, આ પાર્સલમાં સિલિકોન સ્પ્રે હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે. આ સિલિકોન સ્પ્રેનું પાર્સલ ગરમીમાં મૂકવાને કારણે બ્લાસ્ટ થયાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટનાની તીવ્રતા જોઈને અને અવાજ સાંભળીને આસપાસના લોકો પણ ડરી ગયા હતા. આ બ્લાસ્ટનો અવાજ સાંભળતા જ લોકોમાં કુતુહલ સર્જાયુ હતુ અને જોવા માટે લોકોના ટોળેટાળા આવી ગયા હતા. નોંધનીય છે કે, થોડા મહિનાઓથી ગુજરાતની સંખ્યાબંધ શાળાઓને અને કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યા મેઈલ મળી રહ્યા હતા. જેમાં મેઈલ મળતા પશ્ચિમ બંગાળના સૌરવ બિશ્વાસને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને સાયબર ક્રાઈમ બ્રાંચે દબોચી લીધો હતો.